
# અધ્યાત્મ

વર્ષ : ૬ અંક ૧ ઓક્ટોબર : ૧૯૮૪



પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તથા પ. પૂ. માતાજી જ્યોતિર્મયી



શ્રી યોગેશ્વરાય નમઃ

## સ્વર્ગારોહણ
## પ. પૂ. માતાજી જ્યોતિર્મયી
## વિશ્રામગૃહની
## પાવન તીર્થભૂમિનું એક દૃશ્ય
## ( શ્રી અંબાજી )

**જ્યાં પૂ. શ્રી યોગેશ્વરજીની સ્વપ્નસૃષ્ટિ સાકાર થશે.**

શ્રી તૃપ્તિ વૈદ્ય (સુરત) અતુલ કોન્ટ્રાકટર (વિદ્યાનગર) વિજય કનેરિયા (રાજકોટ) અજય કલોલા (મોરબી) રાજેન્દ્ર જાની (ભાવનગર) વિદ્યાશંકર વ્યાસ (જયપૂર).



# પૂ. શ્રી યોગેશ્વરજીની પવિત્ર કલમે પૂ. માતાજી

માતાજીનું મન સંપૂર્ણ શાંત હતું. એમને દુનિયાના કોઈપણ પદાર્થની મમતા કે આસક્તિ નહોતી. કોઈ લૌકિક પારલૌકિક ઇચ્છા પણ નહોતી રહી. એ કહેતાં કે ક્યાંય કોઈ કોઈનું નથી. ઈશ્વરજ સત્ય છે. હું મારા ભગવાનની પાસે છું એટલે મને કશી ચિંતા નથી. નિરંતર છે. હું ઠીક છું.

એમના પ્રખર શ્રદ્ધા આવેશમાં તારાબેનને એમણે કહ્યું: મહાત્માજી જે કહે તે પ્રમાણે કરવું. એ જે કરતા હોય તેમાં શંકા કરવી નહીં. એ જે કરતા હોય છે તે સારું જ કરતા હોય છે.

મા સર્વેશ્વરીએ અંગુલિનિર્દેશ કરીને કહ્યું: એ પણ મારી દીકરી જ છે. એણે મારી ખૂબ જ પ્રેમથી સેવા કરી છે. એણે સેવા તો પોતાની દીકરી પણ ન કરે. એણે મારું મળ મૂત્ર ઉઠાવ્યું છે. હવે આખરે મારો મેળ થઈ ગયો છે. એ મારી મા તો જેવી સેવા કરે છે તે વાત નથી. ક્યારે મેળવી ત્યારે ઉપકાર જ હોય. કોઈ પ્રકારનો કચવાટ નથી. કોઈ અણગમો નથી.

મા સર્વેશ્વરીએ માતાજીના મન મૂકીને ચાર દિવસ સુધી સમયસુધી મારી પાસે રહીને સેવા કરી, તો માતાજીએ પોતે પણ પ્રસન્ન થઈને એમના ઉપર પોતાના પ્રેમનો વરસાદ વરસાવ્યો. સર્વેશ્વરી માતાજીના પગ દબાવે, એમના શરીરે તેલ ચોળે, ત્યારે કેટલીયવાર માતાજી પરમપ્રસન્ન અને ભાવવિભોર બનીને એમના ગળે હાથ વીંટે અને ભેટે એ દૃશ્ય અલૌકિક અને જોવા જેવું હતું. કેટલાક પ્રેક્ષક દર્શકો એવા ભાવવિભોર તથા મંત્રમુગ્ધ બની જાય ને પોતાને પરમ સૌભાગ્યશાળી સમજતા. માતાજીએ એક વખતે સર્વેશ્વરીને આશીર્વાદ કહેલું કે તું મારી પાસે જ રહેજે: મને છોડીને જઈશ નહીં.

(શ્રી યોગેશ્વરજી કૃત "મા સર્વેશ્વરી એક પરિચય" પુસ્તકમાંથી)

## સાત નદીના જલ સિંચન પ્રસંગે



શ્રી અજય કલોલા (મોરબી) કેતન ઠાકર (અમદાવાદ) કલ્પુ ગાંધી (વડોદરા) પ્રીતિ કોન્ટ્રાકટર (આણંદ) જયશ્રી કલોલા (મોરબી) મીના કનેરિયા (રાજકોટ) ગાયત્રી જોશી (વડોદરા).



( ટાઇટલ ૨ પર ઉપરના ફોટાના નામો છે. )

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવા જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૬ અંક : ૧ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.) અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલુ હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ' અધ્યાત્મ ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| લક્ષ્મણરેખા | યોગેશ્વરજી | ૩ |
| વિરલ માતા | યોગેશ્વરજી | ૫ |
| ગંગોત્રી યાત્રા | પૂ. માતાજી જ્યોતિર્મયી | ૬ |
| શુકાનંદ સ્વામી | સત્સંગી | ૧૧ |
| પૂ. શ્રીની જન્મ જયંતીની ઉજવણી | જયંતીભાઈ ઘીવાળા | ૧૬ |
| તીર્થ | હરીશ વટાવવાળા | ૧૭ |
| અલગારી અનંતસ્વામી | મૂળરાજસિંહ હિં. રાણા | ૨૦ |
| એક યાદગાર મુલાકાત | પ્રતીક્ષા મહેતા | ૨૪ |
| ભક્ત જનાબાઈ | મંજુલાબેન અમીન | ૨૫ |
| ચંક્રમણ | ડૉ. રણજીત પટેલ | ૩૧ |
| માગવાનું મન ન રહે | સંત ફ્રાન્સીસ | ૩૨ |
| મહારાણા પ્રતાપની પ્રિય પ્રાર્થના | મધુરમ્ | ૩૩ |
| પૂ. માના ઉપવાસો વિષે પ્રશ્નોત્તરી | અતુલ કૉન્ટ્રાકટર | ૩૪ |
| પૂ. માનું વ્રત | સર્વેશ્વરી પદરેણુ | ૩૬ |
| મારી શ્રદ્ધા | આશિષ જોષી | ૩૭ |
| ગુરુ કૃપાનો અનુભવ | જીતુભાઈ ગાંધી | ૩૮ |
| પ્રકાશના પંથે | દીપક પ્ર. મહેતા | ૪૩ |
| અનોખી સહાય | — | ૪૬ |
| પ્રશ્નોત્તર | યોગેશ્વરજી | ૫૩ |
| રામકથા | યોગેશ્વરજી | ૫૭ |
| મારી દૃષ્ટિએ મહાત્માશ્રી યોગેશ્વરજી | પ્રફુલ્લલાલ કાજી | ૬૩ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૯ ઓકટોબર-૧૯૮૪ અંક : ૧

## લક્ષ્મણરેખા

–યોગેશ્વરજી

રામાયણની પરંપરાગત પ્રખ્યાત કથામાં લક્ષ્મણરેખાની વાત જાણીતી છે, પંચવટીના પવિત્રધામમાં રહેતા રામ સીતાની ઈચ્છાને અનુસરીને સુવર્ણમૃગને જીવતો કે મરેલો પકડી લાવવા માટે વનમાં નીકળ્યા. સુવર્ણમૃગના સ્વરૂપમાં રહેલા મારિચે મરતાં પહેલાં લક્ષ્મણના નામનો પોકાર કર્યો. એટલે અને સીતાના અત્યાગ્રહને લીધે પંચવટીમાં અનિચ્છા છતાં સીતાને એકલી મૂકીને, કુટિરની આગળ રેખા દોરીને લક્ષ્મણે રામની દિશામાં પ્રયાણ કર્યું. એ અવસરનો લાભ લઈને અરણ્યમાં છુપાયેલો રાવણ સીતા પાસે પહોંચી ગયો. સીતાએ લક્ષ્મણ રેખાને ઓળંગી ના હોત તો રાવણ એના હરણની યોજનામાં સફળ ના થઈ શકત. એણે સીતાને લક્ષ્મણરેખાને ઓળંગવા બાધિત બનાવી. પરિણામે સીતાને ખૂબ જ સહન કરવું પડ્યું; અને રામ લક્ષ્મણને પણ સંકટોનો સામનો કરવો પડ્યો.

રામાયણની એ પરંપરાગત પ્રખ્યાત પ્રાણવાન પ્રેરક કથા પ્રકારાંતરે સૂચવે છે કે માનવ જીવનમાં એવી રીતે કેટલીક લક્ષ્મણરેખાઓ છે. એમની અંદર રહેવાથી સર્વ પ્રકારે સુખી, શાંત, સુરક્ષિત રહી શકાય છે, પરંતુ એમને એક અથવા બીજા કારણે

ઓળંગવામાં આવે તો દુઃખી થવાય છે, બેચેન બનાય છે, અશાંતિના ભોગ થવાય છે, અને અનેક પ્રકારનાં બંધનમાં પડાય છે.

જીવનની એ લક્ષ્મણરેખાઓ અતિશય અગત્યની હોય છે. એમના પ્રત્યે આછો પાતળો દૃષ્ટિપાત કરી લઇએ તો એ અસ્થાને નહિ ગણાય.

શાસ્ત્રો તથા સત્પુરુષોએ કેટલીક લક્ષ્મણરેખાઓ પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો છે. સત્યં વદ, સત્ય બોલો, ધર્મનું પાલન કરો, સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરો, અતિથિને દેવ બરાબર સમજીને સન્માનો અને સેવાને પોષો. માતાને દેવ માનો, પિતાને દેવ માનો. વિદ્યા પ્રદાન કરનાર ગુરુદેવને દેવ બરાબર ઈશ્વર તુલ્ય સમજો. નિર્ભય બનો, દયાને ભજો. દીનદુઃખી ગરીબની સેવા કરો. જે પ્રામાણિકતાથી પ્રાપ્ત કરેલ નથી, ન્યાયોચિત નથી, તેવા પરધનની ઇચ્છા ના રાખો. તેને પથ્થર બરાબર સમજો. પરસ્ત્રી–પરપુરુષમાં પવિત્ર બુદ્ધિ–પવિત્રવૃત્તિ, પવિત્ર દૃષ્ટિ રાખો. ચોરી ના કરો. બીજાને હાનિ ના પહોંચાડો. બને તો, ત્યારે, તેટલો લાભ પહોંચાડવા, બીજાનું ભલુ કરવા માટે તૈયાર રહો. મન અને અન્ય ઇન્દ્રિયોને સન્માર્ગે વાળો.

એ બધી અને એવી અન્ય કેટલીક લક્ષ્મણરેખાઓનું પાલન કરવાની આવશ્યકતા હોય છે. એ પરિપાલન, કલ્યાણકારક, શાંતિપ્રદાયક સુખકારક ઠરે છે.

રાવણે પંચવટીમાં સ્થૂળ લક્ષ્મણરેખાને ઓળંગી તે પહેલાં જીવનની નિર્મળ વ્યવહારની સૂક્ષ્મ માનસિક લક્ષ્મણરેખાને ઓળંગેલી, એ સૂક્ષ્મ લક્ષ્મણ રેખાનું અતિક્રમણ એને માટે સીતાના હરણમાં મદદરૂપ બન્યું ખરુ, પરંતુ છેવટે સર્વનાશક તથા સર્વસંહારક સાબિત થયું. જીવનની માન્ય લક્ષ્મણરેખાઓનાં ઉલ્લંઘન આરંભમાં અલ્પકાલીન આનંદ અર્પતાં હોય તો પણ

( અનુસંધાન પાના ૫ ઉપર )



## વિરલ માતા

એવી થઈ વિરલ માત સમાજમાં આ
જેણે સુનીતિમય પંથ સુપુત્ર કેરો
કીધો પ્રશસ્ત અનુકૂળ રહી સદાયે
અધ્યાત્મરંગમય જીવન જીવવાને.
એવી થઇ વિરલ માત વળીય થોડી
સાથે રહી નિજ સુપુત્ર તણી કરીને
સેવા, કર્યું સફળ જીવન જેમણે આ
કોલાહલે વિજનમાં વસતાં હંમેશાં.

માતા તમે વિરલ છેક હતાં અનોખાં
સાથે રહી તપ કર્યું વિપદા સહીને
અર્પ્યો અમૂલ્ય સહયોગ સુપુત્રને ને
એની સમસ્તે સમજ્યાં શુચિ સાધનાને.
માતા છતાં સુહૃદ શ્રેષ્ઠ બન્યાં તમે તો
શિષ્યા સહાયક સખા પરિચારિકા વા.

યોગેશ્વરજી

---

( પાના ૪નું અનુસંધાન )

કાળક્રમે અથવા અંતે અશાંતિકારક, શોકજનક, દુઃખદ ઠરે છે, એવું સમજીને સદ્બુદ્ધિ–સંપન્ન સત્વશીલ સત્પુરુષો લક્ષ્મણરેખાઓની મર્યાદાઓને માન્ય રાખે છે. એમાં સહજ પણ પ્રમાદ કે ક્ષતિ થાય છે તો સંકટનો સામનો કરવો પડે છે. રામે અહિંસાની લક્ષ્મણરેખાને ઓળંગીને ધનુષ્બાણ લઈને સુવર્ણમૃગને પકડવા માટે પ્રયાણ કર્યું તો પરિણામ શું આવ્યું ? સીતાનું હરણ થયું. શાંતિરૂપી સીતાનું હરણ પણ માનવજીવનમાં એવી રીતે જ થતું હોય છે.

# ગંગોત્રી યાત્રા

પૂ. માતાજી જ્યોતિર્મયી

(પરમપૂજ્ય શ્રી જ્યોતિર્મયી માતાજી ૧૯૪૭ થી પોતાની રીતે ડાયરી લખતા. તેમની ડાયરીમાં પૂ. શ્રી યોગેશ્વરજી પ્રત્યેનો ભાવ, યાત્રાનોંધમાં પણ વાંચવા મળે છે. તેમણે પૂ. શ્રી સાથે ચારધામયાત્રા પગે ચાલીને કરેલી અને ૧૯૭૪ માં ગંગોત્રી યાત્રા પણ કરી તેની નોંધ તેમના જ શબ્દોમાં આ લેખમાં જોવા મળશે. જાણે આપણને સૌને પણ એ વાચન સાથે પૂ. માતાજી યાત્રા કરાવતાં હોય એવું એ સરળ, પ્રવાહી, રોચક વર્ણન છે. (સંકલન : મા શ્રી સર્વેશ્વરી)

ગંગે મૈયાકી જય હો, જય હો.<br>
પશુપતિનાથકી જય હો, જય હો.

બે વર્ષ પહેલાં બદ્રીકેદારની યાત્રાનો ઈશ્વર ઇચ્છાથી લાભ મળ્યો. મસુરીથી ટેક્ષીમાં ગયાં. સાથે પ્રેમી કાંતિભાઇ, સૌ. કુમુદબેન હતાં. ખૂબજ આનંદથી ૩૦વરસ પહેલાં પગે ચાલીને યાત્રા કરેલી, તાજી બની. ખૂબજ આનંદ આવ્યો. ઓક્ટોબરમાં ગયાં હતાં. હવે જોવો ભગવાન કી ઈચ્છા. આ વરસે સંવત ૨૦૩૦ના ભાદરવા વદ ચોથને શનિવાર તા.-૫-૧૦-૭૪ના મસુરીથી નીકળ્યા. પરમ પવિત્ર પૂજ્યશ્રી દેવસ્વરૂપ ભાઇની ઇચ્છાથી હિમાલયની યાત્રા ગંગોત્રીની કરવા માતાજી-ની ઇચ્છાતો હતીજ. સાથે પ્રેમી કાંતિભાઇ સૌ. કુમુદબેન પણ હતાં. જોવો હવે પ્રભુની ઇચ્છા બળવાન. ૩૦ વર્ષ પહેલા અમોએ સ્વ. ચંપકભાઇ સાથે કરેલી યાત્રા તાજી બની. પગે ચાલીને બદ્રીકેદાર, ગંગોત્રી, જન્મોત્રીની ચારધામની યાત્રા કરેલી, ખૂબજ સંકટથી તે તાજી બની.



હવે તા. ૫મીનાં નીકળી મસુરીથી ટેક્ષીમાં આવ્યાં. ઋષિ-કેશ થોડો આરામ કરી ભોજન કરી ગંગે મૈયાના દર્શન કરી મુકામ પર આવ્યાં. ભગવાન આશ્રમમાં. બે વાગે ઋષિકેશથી નીકળ્યાં. એજ ટેક્ષીમાં. કાંતિભાઇ સાથેજ હતા. સૌ. કુમુદ-બેન પણ સાથે રસ્તામાં ખૂબજ આનંદ આનંદ આવ્યો ને નરેન્દ્રનગર ટીહરી થઇ સાંજે છ વાગે ઉત્તરકાશી ઈશ્વર સ્મરણ કરતાં આનંદ કરતાં પહોંચી ગયાં.

અમારો ઉતારો સુંદર હતો. અરે પ્રેમી કાંતિભાઇને ખોટું તો ગમે જ ના. ખરેખર ધર્મીષ્ટ છે. તેમનો આત્મા ઘણો ઉચો છે. હૃદય વિશાળ છે. ખરેખર ધર્મરાજા જ છે. તેમની સાથે જરાપણ જુદાઇ લાગે જ ના. સૌ. કુમુદબેન પણ સંસ્કારી છે હૃદય ભોળુને ભલાં છે. આવા પ્રેમાળ માણસો સાથે આનંદ આવે છે. ત્રીસ વરસ પહેલાં પૂ. મહાત્માજીનો મેળાપ ઉત્તર કાશી થયેલો. પ્રેમી ચંપકભાઇ મને લાવેલા તે જગ્યા જોઇને તે વરસની યાદી તાજી થઇ, ધન્ય છે ઈશ્વરની લીલાને. જમી કરી રાતના આરામ કરી સવારે મહાત્માની સાથે બીરલા-ભુવન, કાશીવિશ્વનાથના મંદિરે ગંગા મૈયાનાં દર્શન કરી મુકામ પર આવ્યાં.

ઋષિકેશથી ઉત્તરકાશીનો રસ્તો કાચા પર્વતોનો એટલો સારો નથી. છતાં ઈશ્વર ઇચ્છાથી આનંદથી પહોંચી ગયાં. સવારે નાસ્તો કરી લગભગ દશ વાગે નીકળ્યાં. સાંજના ત્રણ વાગે લંકાચટ્ટી આવ્યાં. ત્યાં સાધન છોડવું પડે છે. પૈદલ રસ્તો પોણાબે માઈલ જવું પડે છે. ખૂબજ ચઢાઇ ઉતરાઈ નો રસ્તો પાર કરવો પડે છે, ખરેખર ભયંકર છે રસ્તો. દંડીમાં પણ ડર લાગે છે. અમો ડંડીમાંજ ગયાં હતાં. હવે જોવો ઈશ્વરની લીલા અપાર છે. તેનું દર્શન કરતાં આગળ

વધ્યાં. ભૈરવચટ્ટીથી બસ તથા જીપ મલે છે. અમો જીપમાંજ ગયાં.

મહાન પવિત્ર હિમાલયના બરફથી ઢંકાયેલા દશકુટની ઊંચાઇ પર, ગંગોત્રી મૈયાનું સ્થાન. છ વાગે રવિવારે પહોંચી ગયાં. ઠંડી તો ખાસ હતીના, કારણકે મસુરીથી આવેલા એટલે બાકી તો ઠીક ઠીક ઠંડી હતી. ત્યાં પણ ઉતારો ઇશ્વરની દયાથી સારો મલ્યો, ને સેવાભાવી માણસ પણ મલી ગયા. મંદિર ગંગામાતાનું સરસ છે. આરતીનાં દર્શન બેન બાળકોને યાદ કરી દર્શનનો લાભ લઇ જમવા ગયા. પહાડી ઢબનું જમવાનું તેમાં પણ ખૂબજ આનંદ હોય છે.

બીજે દિવસે પુલ પાર કરી ત્રીસ વરસ પહેલાં મહાન પુરુષનાં દર્શન સવારે કરેલાં તેમનું શરીર શાંત થયેલું ત્યાં ગયાં. સમાધિનાં દર્શન કરી તેમના સેવિકા હતાં તેમની સાથે થોડી વાતો કરીને બીજા સંત પુરુષોના દર્શન કરીને એક વાગે જમવા ગયાં. આવ્યા મુકામ પર. આરામ કરી સાંજના થોડુ ફરવા ગયાં. ત્રીજે દિવસે સવારે તા. ૮મી મંગળવારે ગંગામૈયાનાં દર્શન કરી જલપાન કરી, નમસ્કાર કરી નવ વાગે નીકળ્યાં. પાછાં એજ ભૈરવચટ્ટી પાંચ છ માઇલ જીપમાં આવ્યાં. આનંદથી અરે ખૂબજ વિચાર થાય કે આવા ભયંકર રસ્તા કેવી રીતે પાર કરી આવ્યાં હોઇશું? ૩૦ વરસ પહેલાંની યાદી ઇશ્વરે તાજી કરાવીને આનંદ આવ્યો જીપમાં એજ કાચો રસ્તો ઠંડીમાં પાર કરી લંકા-ચટ્ટી આવ્યાં. પ્રભુએ પાર કરાવ્યો ને યાત્રા આનંદથી થઇ ગઈ. અમર બની ગઈ. ધન્ય છે ઇશ્વરની લીલા અપરંપાર છે. જમી કરી પાછાં ટેક્ષીમાં મહાન પુરુષ, પવિત્ર પુરુષ, પ્યારા પ્રભુના લાડીલા ભક્ત દેવસ્વરૂપ ભાઇની તપસ્યા કરેલ મહાન પવિત્ર ભૂમિ. જ્યાં રહેલા તે કુટિરનાં દર્શન કરી



ટિહરીમાં ઉત્તરકાશીમાં તે જગ્યા જોઇ. પ્રેમી કાન્તિભાઇ પણ ખુશ થયા ને જોવાનું મલ્યું તેમના પણ સંસ્કારો બળવાન કે અમારી સાથે યાત્રા કરીને નાનકડી ઉમરમાં રહેલ કપીલ-દેવની જગ્યા જોવા મલી. રાતના રોકાયાં ના. બીજે દિવસે ઋષિકેશ એજ ભગવાન આશ્રમમાં બે દિવસ રોકાઇ, સ્નાન પાન કરી ગંગામૈયાના દર્શન કરી, પાછાં ટેક્ષીમાં દીલ્હી આવ્યાં. તા. ૧૩મી રવિવારે ભગવાન શંકર પશુપતિ નાથનાં દર્શન નેપાલમાં જવા નીકળ્યાં. વિમાન સવારે ઉપડ્યું વિમાન સવાકલાકમાં પશુપતિ નાથ પહોંચ્યું. વિમાનની મુસાફરી પણ બાવીસ વર્ષ પહેલા અમરનાથની યાત્રાએ ગયેલા દિલ્હીથી શ્રીનગર તે તાજી બની. કેવી અપરંપાર છે પ્રભુની લીલા. અમારુ વિમાન લગભગ ૩૩ હજાર ફીટની ઉંચાઇ પરથી બરફના પર્વતો પરથી ઉડતું હતું. ખૂબજ આનંદ આવ્યો હતો. કંઈ ગામો, શહેરો, નદીઓ છેકજ નાની દેખાય. ખૂબજ આનંદ આવ્યો.

બરાબર સાડાદશ વાગે ખટમંડુ પશુપતીનાથ મહાદેવનાં દર્શને ગયાં. પહેલા દ્વારમાં જતાંજ નંદીના સોનેથી મઢેલા ખૂબજ મોટા નંદીના દર્શન થયાં મંદિરના ચાર દરવાજા મુખ્ય છે. શંકર ભગવાન પશુપતિનાથના સ્નાન તથા આરતીનાં દર્શન કરી પાછળ વાઘમતી નદીમાં આચમન લઇ ટેક્ષીમાંજ હોટલમાં આવ્યાં. ત્યાં બસ ને ટેક્ષીઓ ખૂબજ સુંદર છે. જતાં આવતાં વિમાનમાં દીલ્હીથી એક ટીકીટના રૂ. ૧૨૦૦ બારસો તથા બીજુ ખર્ચ અલગ હતું જમવાનું મારવાડી ભોજનાલય છે ત્યાં જમ્યા જોવા જેવી વસ્તુ દેખી શહેર જોયું. જૂનુ પુરાણુ છે ગમે પણના. બારનો વિસ્તાર સારો છે. તા. ૧૫મી મંગળવાર પાછા શંકર ભગવાનના દર્શન કરી સાંજના પોણાપાંચ વાગે વિમાનમાં ૬ા વાગે દીલ્હી પહોંચી ગયાં.

ઈશ્વરની દયા. શંકર ભગવાનના હુકમ પ્રમાણે સુખરૂપ યાત્રા કરી.

મસુરીમાં પહેલાંજ જગદંબાએ પૂજ્ય દેવસ્વરૂપભાઇને આજ્ઞા કરેલી યાત્રાએ જાઓ કાંઇજ વાંધો નહી આવે. મહાન પવિત્ર ગંગેમૈયાની યાત્રા ગંગોત્રીની પહેલાં કરી તે પણ ટેક્ષીના રૂા. ૧૨૦૦ બારસો પછીથી દંડીઓ, મજુર, ટેક્ષી કાચા રસ્તેથી બીજા છ માઇલ આગળ જવું પડે છે, રસ્તો એટલો સારો નથી. નીચે ખીણમાં ગંગાજી વહે છે. ઉપરથી પહાડોમાં રસ્તા મોટરના પસાર થાય છે. ઋષિકેશથી ૧૫૦ માઇલ કહાય છે, ગંગોત્રી દિલ્હીથી ૬૦૦ છસો માઇલ વિમાન માર્ગ પશુપતિનાથ નેપાલમાં ખટમંડુ પશુપતિનાથ મહાદેવ છે. શુ ઈશ્વરની દયા હે પ્રભુ તારી કરુણાનો કાંઇ પાર નથી. અરે, પશુપતિ નાથની જયહો જયહો જયહો જયહો. તા. ૧૬ મીએ પ્રેમી કાંતિભાઈ સૌ કુમુદબેન ગયાં મુંબઇ. અમો તા. ૧૭મીએ. ડો.ની ખૂબજ ઇચ્છાથી આવ્યાં અલીગઢ. આસો સુદ બીજને દિવસે અહીંયા પણ રહેવાનું સુદર છે બાજુમાં સીતારામનું મંદિર છે. ભાગવતની કથા ચાલે છે. સાંજના પ્રવચન દેવસ્વરૂપ ભાઇનું ચાલે છે. આનંદ આનંદ છે હવે આંજે દીલ્હી જવાનાં છીએ.

તા ૨૨મી આસો સુદ સાતમ મંગળવાર.

The Space of this page is donated with Compliments by:
**Steel Feb Engineers**
A-1 436, G. I. D. C. Estate
Makarpura, BARODA-10



# શૂકાનંદ સ્વામી

–સત્સંગી

સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્થાપક પ. પૂ. શ્રી સહજાનંદ સ્વામી ભૂજનગરમાં વિરાજતા હતા, તે સમયની આ વાત છે. અહીંના સુતાર ભગવાનજીએ મહારાજ શ્રી માટે કિનખાબની ડગલી તથા સુરવાળ, તેમજ માથે બાંધવા શેલું ધરાવ્યું છે. મહારાજશ્રી ભગવાનજીને ત્યાં ઢોલિયા ઉપર બિરાજમાન છે ને તેમણે ભારે જરીઆન વસ્ત્રો પહેર્યાં છે, શરીર ઉપર ભારે નંગજડિત ઘરેણાં ધારણ કર્યાં છે. એમનો દેખાવ કોઈ દેશના રાજા જેવો શોભી રહ્યો છે.

તે સમયે મહારાજશ્રીની સન્મુખ સભામાં તેમના ભકતો સુરાખાચર, અલૈયાખાચર, હીરજીભાઇ, સુંદરજીભાઇ, ગંગારામ મલ્લ, પાર્ષદ ભગુજી વગેરે બેઠેલા છે. સભામાં ભગવત્કથા ચાલી રહી છે, ને ભકતો સર્વે એકચિત્તે હરિકથા સાંભળવામાં મશગુલ છે. ત્યાં મહારાજશ્રીની નજર સભાને એક છેડે ઊભેલા એક છોકરા ઉપર પડી અને મહારાજશ્રી થંભી ગયા ! છોકરો પણ દૂર ઊભો ઊભો વિચારે છે 'આ તો કોઈ રાજા મહારાજા જેવા લાગે છે.' મારે ત્યાં આવેલા બ્રહ્મચારી આ નો'ય.

પરંતુ ત્યાં તો મહારાજશ્રીએ એ છોકરા સામે જોઇ, એનું નામ દઇ પાસે બોલાવ્યો. છોકરો પહેલાં તો વિસ્મયમાં પડી ગયો. ઘડીભર મૂંઝાઈને આજુબાજુ જોઇ ખાત્રી કરી લીધી કે મહારાજશ્રી ખરેજ તેનેજ બોલાવી રહ્યા છે. તેને ખાત્રી થઇ કે મહારાજશ્રી ખરેખર તેનેજ બોલાવી રહ્યા છે. તે સંકોચ પૂર્વક ધીમે પગલે આગળ વધે છે. ત્યાં તો

મહારાજશ્રી ઢોલિયા ઉપરથી ઊઠીને એકદમ એની પાસે દોડી આવે છે, અને બાથમાં લઇ આલિંગન આપે છે. માથે હાથ ફેરવે છે ને પ્રેમપુર્વક પૂછે છે, "તારા મા અને બેન મજામાં તો છે ને ભાઇ!" છોકરાની આંખમાં આંસુ ઉભરાઇ આવે છે.

છોકરો આલિંગનમાંથી છૂટીને મહારાજશ્રીના પગ પકડી લે છે. હવે એને ખાત્રી થઇ ગઇ છે કે આ એજ બ્રહ્મચારી છે, જેમને એ આટઆટલાં વર્ષોથી ભટકી રજળીને શોધતો ફરતો હતો.

મહારાજશ્રીના આ ન સમજાય તેવા વર્તનથી સન્મુખ બેઠેલા ભકતો વિસ્મયમાં પડી જાય છે. આ છોકરો એવો તો કોણ છે જેને મહારાજશ્રી આટલું બધુ હેત કરે છે. છોકરાનો દેખાવ અને દિદાર પણ છે જોવા જેવા! માથે પુષ્કળ હજામત ચઢી ગઇ છે. કપડાં મેલાં ને ફાટી ગયાં છે ને શરીર સતત પરિભ્રમણથી સાવ સૂકાઇ ને કૃશ થઈ ગયું છે. આવા આ ભિખારીએ એવું તે શું સત્કર્મ કર્યું હશે કે મહારાજશ્રી તેના ઉપર આજે આટલા બધા વારી જાય છે! સહુ ભક્તોના મનમાં આ એક પ્રશ્નજ ઊઠી રહ્યો છે. મહારાજશ્રી હાથ પકડીને તે છોકરાને પોતાના ઢોલિયા પાસે લઇ આવે છે ને પાસે બેસાડે છે. પછી પોતે ઢોલિયા ઉપર બેસીને ભકતોની જીજ્ઞાસાનો જાણે કે પાર પામી ગયા હોય તે રીતે કહે છે. "હું જાણું છું કે તમો સહુને એ આશ્ચર્ય થઈ રહ્યું છે કે આ છોકરો એવો તે કોણ છે, જેને અમે આટલું હેત કરી રહ્યા છીએ. ખરૂંને!"

પછી ભકતો સામે જોઇને બોલ્યા: "તો સાંભળો, આ છોકરો છેલ્લાં બાર વર્ષથી અમને શોધતો ફરે છે. આજે



બાર વર્ષ પછી અમારો એની સાથે ફરી મેળાપ થાય છે. દિવસ કે રાત, ટાઢ કે તાપ, વરસાદ કે વાવાઝોડાની પરવા કર્યા સિવાય કેવળ એની 'મા'ની આજ્ઞા અનુસાર અમને એ શોધતો બાર-બાર વર્ષોથી ફરી રહ્યો છે. આજે એની શોધ પ્રભુની કૃપાથી પૂરી થાય છે."

ત્યાં તો સભામાંથી ભક્તોએ પૂછયું, "પણ મહારાજશ્રી, આ છોકરો છે કોણ ? તે કહો. એવો તો એ કયો બડભાગી જીવ છે, જે આપની આટલી બધી અનુકંપાનો અધિકારી બન્યો છે!"

મહારાજશ્રી ભકતોનું કુતૂહલ જોઇને, છોકરાની વાત કહેવી શરૂ કરે છે.

"અમે બાર વર્ષ પહેલાં જ્યારે વનમાં વિચરણ કરતા હતા, ત્યારે ફરતા ફરતા નશિદપુર પાસે એક જંગલમાં નેસડા પાસે આવી પહોંચ્યા. સવારનો સમય હતો ને નેસમાં એક ડોસી ને તેની દીકરી બે બેઠાં હતાં. તેનો છોકરો વગડામાં ચરતી ગાયો, ભેંસોને દોવરાવવા ગયો હતો. 'જય નમો નારાયણ' કહીને અમે ઊભા રહ્યા કે તત્કાળ તે ડોશી બહાર આવીને બોલી, "મહારાજ આપ કોણ છો ?"

અમે કહ્યું, "અમે સાધુ છીએ" બાઇ ઘડીભર અમારા સામુ જોઈ રહી ને પછી પૂછવા લાગી, "મહારાજ, આપ ભૂખ્યા થયા હશો, તો કાંઇક જમો."

અમે કહ્યુ : 'જે તૈયાર હોય તે લાવો.'

ડોસી બોલી : "મહારાજ, તૈયારમાં તે કંઇ ખાવાનું નથી. માત્ર દહીંના ગોરસ છે. દૂધ તો છોકરો ગાયો ભેંસો દોઇને લાવે પછી આપીએ."

અમે કહ્યું : "દહીં ચાલશે."

ડોસીએ તુરતજ તાજા દહીંનાં ત્રણ ગોરસાં અમારી સામે ધરી દીધાં. અમે તે ત્રણે ગોરસાં જમી ગયા. ડોસીને એ જોઇને કોણ જાણે કેમ બહુ આનંદ થયો.

તેમણે પૂછ્યું, "મહારાજ, આપ જમીને તૃપ્ત થયા ? ત્યારે અમે કહ્યું, 'બીજા હોય તો લાવો." તે સમયે વગડામાંની ગાયો ભેંસો દોવરાવીને દૂધની કાવડ લઇને એમનો છોકરો આવ્યો. તેણે માને પૂછ્યું. "મા, આ સાધુ કોણ છે ?" ત્યારે ડોસીએ જવાબ આપ્યો, "ભાઇ આ કોઈ મોટા તપસ્વી લાગે છે, ને ચમત્કારી પણ છે આપણે એમને આપણે ત્યાં રાખી સારી પેઠે દૂધ. દહીં જમાડી અને તેમની સેવા કરીશું. સંત, સાધુની સેવાનું ફળ બેટા ઘણું મોટું હોય છે." પોતાની માનો આવો ભાવ જોઇ, છોકરાએ પૂછ્યું કે મા તમોએ એમને શું જમાડયું ?" ડોસીએ કહ્યું, "એકલાં દહીંનાં ગોરસ હતાં તે જમાડ્યાં. ત્યારે છોકરાએ કહ્યું, "મા, તો હવે દૂધ પણ જમાડો." આથી અમે કહ્યું, "થોડું દૂધ લાવો તો જમીએ" છોકરાએ તુરત અમને કહ્યું, 'મહારાજ, થોડું શું કરવા ? ઝાઝુ જમોને. અમારે ઘણી ગાયો ભેંસો દૂઝે છે." છોકરાની આ ભાવના જોઇને અમને ઘણી પ્રસન્નતા થઇ.

પછી અમે પૂછ્યું, "તમે આ દૂધ દહીં સિવાય બીજું કંઇ જમો છો ખરાં કે નહીં ?"

ડોસી બોલ્યાં, "અહીંથી ગામ ઘણું દૂર છે, એટલે કાલે છોકરો ઘીની કુંડલી લઇ ગામે જઇને ચોખા ને સાકર ખાંડ વગેરે લઇ આવશે. હમણાં ઘરમાં અન્ન ખલાસ થઈ ગયું છે."



બીજા દિવસે દૂર આવેલ ગામે જઇ, ઘીની કુંડલીઓ વેચી છોકરો સાધુ માટે ચોખા, ખાંડ, સાકર વગેરે લઇ આવ્યો.

આ રીતે ડોસી અને એના દીકરાએ અમને સતત એક મહિના સુધી દૂધપાક રાંધીને ખૂબ ભાવથી જમાડ્યો.

ડોસીની ઈચ્છા એવી હતી કે અમે એમની સેવાથી પ્રસન્ન થઇને એમને ત્યાંજ રહી જઇશું. વળી અમે બીજે કયાંય ન જઇએ, એવી પણ એમની ભાવના. એટલે ઝુંપડામાં રાતે સૂતાં છોકરાને ભલામણ કરે કે અમે રાતે કયાંય જતા ન રહીએ તેનું ખૂબ ધ્યાન રાખે."

મા દીકરાની આવી અનન્ય સેવાભાવના અને પ્રેમપૂર્ણ વ્યવહાર જોઇને અમને હૃદયમાં ખૂબ આનંદ થતો. પરંતુ એમ જીવનભર થોડું એમને ત્યાંજ રહી જવાય છે !

(વધુ આવતા અંકે)

આ આખા પાનાની ભેટ

**કૈલાસ એન્જીનયરીંગ કંપની**

૭૧ ગજાનંદ કો. ઓ. સો. લી. માજલપુર, વડોદરા-૧૧

ના સૌજન્યથી.

( અનુસંધાન પાના ૪૯નું ચાલું )

રૂા. ૧૧ શ્રી હરમણિશંકર ગણપતિશંકર દેસાઇ તરફથી. પિતાજીની પુણ્યતિથિ પ્રસંગે.

રૂા. ૧૦૧ શ્રીમતી મંજુલાબેન ભાનુભાઈ રૈયાણી તરફથી

રૂા. ૨૫ શ્રીમતી સુવર્ણાબેન બી. ઝાલા તરફથી પતિના જન્મદિન નિમિત્તે.

રૂા. ૨૫ શ્રી હરિભાઈ ભોજાણી તરફથી પુત્રી મીનાના જન્મદિન નિમિત્તે.

રૂા. ૫૧ શ્રી જયંતીલાઇ ઘી વાલા.

# પૂ.શ્રીની જન્મ જયંતીની ઉજવણી

—જંયતીભાઈ ધીવાળા

મુંબઈમાં સ્વામીશ્રી પ્રેમપૂરીજી આશ્રમ તથા સત્સંગ કેન્દ્ર તરફથી પ.પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની જન્મ જયંતીનો ઉત્સવ પ્રેમપૂરી આધ્યાત્મ વિદ્યાભુવનમાં તા. ૧૫–૮–૮૪ના રોજ રાખવામાં આવ્યો હતો. આ સમારંભમાં મુખ્ય વકતા પ.પૂ આચાર્યશ્રી ભાગવતાનંદ સરસ્વતીજી હતા.

તેઓએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે પ.પૂ. શ્રીયોગેશ્વરજી એક મહાનસંત હતા સંતને કોઇ જન્મ કે મૃત્યું હોતુ નથી. તેઓ તો પૃથ્વી ઉપર જનસમાજના ઉત્કર્ષ ને આધ્યાત્મ માર્ગે દોરવણી આપવા આવે છે. આપણે એમના જીવનમાંથી પ્રેરણા લઇ, જીવનમાં સદ્દગુણો ને સાત્વિકતા વધારીએ અને દોષોને દૂર કરીએ, તો એમની સાચી જન્મ જયંતી ઉજવી એમ કહેવાય.

પૂ. શ્રી કમલજ્યોતિજી દ્વારા સંગીતમય ભજન કીર્તનો રજુ કરવામાં આવ્યાં હતાં.

વિદ્યાભુવનના કાર્યક્રમના આયોજનમાં પોરબંદર ધી સેન્ટરના શ્રી જયંતીભાઇએ મહત્વનો ફાળો આપ્યો હતો. લોકોએ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

: સૌજન્યથી :
મેસર્સ ઇન્ડસ્ટ્રીયલ લાઇનીંગ
૨૫૪ જી. આઇ. ડી સી એસ્ટેટ
મકરપુરા રોડ, વડોદરા-૧૦



# તીર્થ

હરીશ વરાવવાળા

તીર્થ એટલે આકાશ, પૃથ્વી, વાયુ, જળ અને અગ્નિ એમ પાંચ તત્વોનું બનેલું આપણું જીવનતીર્થ (શરીર) તે તીર્થ. સિમેન્ટ, રેતી, ઈંટ, પથ્થરમાંથી આપણે રચેલ મંદિરને તીર્થ સમજીને ભગવાનનાં દર્શન કરવા કાશી, મથુરા, વૃંદાવન, હરદ્વાર કે બદ્રિનાથ. કેદારનાથ વગેરે તીર્થસ્થાનો સુધી દોડી જઇએ છીએ. ગંગાજીમાં સ્નાન કરી પવિત્ર થઇએ છીએ. માત્ર શરીરનો ઉપરનો મેલ દૂર કરીએ છીએ પણ અંતરનો મેલ દૂર કરતા નથી, અંતરનો મેલ દૂર કરવા માટે આત્મા- ને ઓળખવો પડે છે. આત્માને ઓળખ્યા વગર પવિત્રતા મળતી નથી. આત્માને ઓળખ્યા વગરની યાત્રાનું પુણ્ય મળતું નથી.

મંદિરમાં જ ભગવાનનાં દર્શન થાય છે એવી માન્યતા આપણામાં રૂઢ થયેલી છે, દઢ થયેલી છે ત્યાં સુધી આપણે જીવનતીર્થને ઓળખી શકવાના નથી. આપણામાં જ્યાં સુધી હીન ભાવનાના અસુરો વસ્યા છે, રાવણો રક્તમાં વહ્યા કરે છે, દુર્યોધન શ્વાસ લે છે અને દુઃશાસન આપણા શરીરમાં દોડયા કરે છે, ત્યાં સુધી આપણે તીર્થરૂપ થવાના નથી. માત્ર સ્થૂળ શરીરરૂપે કાચબા જ રહેવાના છીએ.

આંગણે આવેલા સંત, સાધુ, ભિક્ષુક કે અતિથિનું આપણે સ્વાગત કરતા નથી, આવકારતા નથી. ભગવાનનાં સાચાં દર્શન તો વર્તમાનમાં જીવનારા સંતોમાં થાય છે. જે સાધુ છે, સંતો છે, ભિક્ષુકો છે તેમને કાલની ચિંતા નથી, કાળની ચિંતા નથી, ભવિષ્યની ચિંતા નથી. આપણે ભોગ- વાદમાં અને ભવિષ્યવાદમાં જીવનારા જીવો છીએ. આપણે

લોભી છીએ, લાલચુ છીએ, સંપત્તિ ભેગી કરવામાં માનીએ છીએ. અને બીજાનું પડાવી લેવાની વૃત્તિવાળા છીએ ત્યાં સુધી તીર્થરૂપ થવાના નથી.

પંચતત્ત્વોમાં ઇશ્વર સ્વરૂપે વસનાર ગીતાકાર યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાન ગીતાજીના ૧૫મા અધ્યાયમાં કહે છેઃ-

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।
पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः ॥
गी. १५-१३

પૃથ્વીનું અધિષ્ઠાન હું છું. વનસ્પતિનું પોષણ હું છું આમ કહેનાર યોગેશ્વર શ્રીકૃષ્ણ વળી કહે છેઃ-

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापान समायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥

તારા શરીરની અંદર તને સંભાળનાર હું છું. કેવળ સર્જક નથી, પાલક પણ છું. પૃથ્વીમાં ગંધરૂપે, જળમાં રસરૂપે અને સર્વ જીવોમાં આત્મારૂપે બિરાજેલો છું એવું ભગવાન ખુદ એમના શ્રીમુખે કહેતા હોય, પછી આપણે આપણામાં રહેલ સંશયને દૂર કરીને આપણે રચેલ ઇંટ, પથ્થરના તીર્થ કરતાં ભગવાને રચેલા જીવનતીર્થના દર્શન કરી કૃતાર્થ થવું જોઇએ.

આપણે ભગવાનથી એક તસુભાર પણ નીચા નથી. આપણે પરમાત્મા કરતાં અલગ છીએ એમ માનીએ છીએ તે અજ્ઞાન છે. અશુદ્ધ અહં છે. એવો અહં મોટાઇ કે અક્કડપણું મૂર્ખતાનું કામ છે, આસુરી સંપત્તિનું સ્વરૂપ છે. એવા અહંવાળો માણસ માને છે કે હું સત્તાશાળી અને ભોગને ભોગવનારો છું. આજે આ મેં પ્રાપ્ત કર્યું છે અને મનોરથોને પ્રાપ્ત કરીશ. મારી પાસે ધન છે. મેં શત્રુઓને



માર્યા છે અને બીજાઓને પણ મારીશ. હું ધનવાન છું, કુલીન છું, મારા જેવું બીજું કોઇ નથી. આવા અજ્ઞાનથી આપણે મોહિત થયેલા છીએ. ચિત્ત અનેક રીતે ભ્રમિત થયેલું છે. ઇચ્છાઓ અને ભોગોમાં આસક્ત છીએ. ધન અને માનના અભિમાનવાળા છીએ. આપણે આપણા પોતાના રચેલ કુંડાળામાંથી બહાર નીકળી, આપણામાં રહેલ કામ, ક્રોધ, મદ, લોભ અને મોહરૂપી આસુરોને કાઢી મુકવાના છે. આપણામાં રહેલ તમસ્‌ને દૂર કરવાનો છે અને જ્યોતિર્મય બનવાનું છે, જીવનનું તીર્થ બનાવવાનું છે, તીર્થસ્વરૂપ બનાવવાનું છે. તે માટે આપણે નિર્મોહી, નિર્વ્યસની, નિર્ભય, નિરાભિમાની અને ઇશ્વરમાં નિષ્ઠાવાન બનવાનો દૃઢ સંકલ્પ કરવાનો છે. ઇશ્વર-નિષ્ઠા જીવનમાં આવતાંજ નિર્ભયતા, કારુણ્ય, પ્રેમ અને તેજ આવશે ચાર ગુણો જીવનમાં આવતાં જ ગુણાતીત થઇ તીર્થસ્વરૂપ બની શકીએ.

## 'અભિનંદનીય'

મોરબીના શ્રી હરિભાઇ ભોજાણીએ એક સાથે ૧૫ જેટલા આજીવન સભ્યોને ૧૦૮ જેટલા વાર્ષિક ગ્રાહકો નોંધી ખૂબ પ્રશસ્ય કામગીરી બજાવી છે. શ્રી પ્રભુભાઇ હળવદિયાએ પણ ૧૦૦ ઉપરાંત ગ્રાહકો આ વર્ષે નોંધાવી આપ્યા છે. બન્ને ભાઇઓને અભિનંદન.

# અલગારી અનંતસ્વામી

મૂળરાજસિંહ હિં. રાણા

લગભગ ૪૫ વર્ષ પહેલાંનો પ્રસંગ છે, જ્યારે હું વિદ્યાર્થી હતો. મારા પિતાજી એક દેશી રાજ્યના અધિકારી હતા.

તેમની ફરજને અંગે તેઓ ઘોડાગાડી રાખતા. તેમને ધર્મના અને તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો વાંચવાનો અને તેની ચર્ચા કરવાનો ઘણો શોખ. સત્સંગી પણ ખરા. એટલે ઘણી વખત તેઓ કોઈ સાધુ, સંત અગર વિદ્વાન વ્યક્તિને પોતાની સાથે ગાડીમાં લઈ આવતા, અને તેમનું ઉચિત સ્વાગત કરાતું. પિતાજી તેમની સાથે ચર્ચા પણ કરતા.

એક વખત તેમની સાથે એક દૂબળી-પાતળી વ્યકિત આવી ચડી. દેખાવ સાવ સામાન્ય પણ તેમની આંખો બહુ તેજસ્વી. તેમણે એક સફેદ ધોતીયું લુંગીની જેમ પહેરેલું અને બીજું ઉપરના ભાગમાં વીંટેલું. માથામાં મુંડન તથા મોટી ચોટલી ફરફરે. તેમને જોતાંજ લાગે કે તેઓ ત્યાગી છે. તેમના બોલવા પરથી પ્રતીતિ થાય કે તેઓ દક્ષિણ ભારત-ના હશે. અંગ્રેજી બહુજ સુંદર બોલતા, પણ હિંદી બોલવામાં મુશ્કેલી અનુભવતા. તેમનું નામતો બરાબર યાદ નથી પણ આપણે તેમને 'અનંતસ્વામી' તરીકે પિછાનીએ.

તેમનું ચા-પાણીથી સ્વાગત કરવામાં આવ્યું. એક કપ પૂરો કર્યો એટલે પિતાજીએ કહ્યું 'સ્વામીજીને વધુ ચા આપો.' બીજો કપ પણ તેમણે પૂરો કર્યો ત્યારબાદ તેમની પાસે મુખ-વાસની રકાબી મૂકી જેમાં થોડાં ઇલાયચી, લવીંગ, તજ, ધાણાની દાળ વગેરે હતું. પછી સ્વામીજી તથા મારા પિતાજી તત્ત્વજ્ઞાનની ચર્ચામાં ઉતરી પડ્યા, જેમાં મને તે વખતે રસ ન હતો. દોઢ બે કલાક પછી સ્વામીજીએ વિદાય લીધી ત્યારે



જોયું તો મુખવાસની રકાબી ખાલીખમ! તેથી મારા મનમાં એક પ્રકારની અણગમાની ગ્રંથિ તેમના પ્રત્યે બંધાઈ ગઇ. પછી તો તેઓ ત્રણ-ચાર વખત પિતાજી સાથે આવેલા અને લાંબા સમય પર્યંત બંને તત્ત્વજ્ઞાનની ચર્ચાઓ પણ કરતા. ઘરના માણસો કંઈક કંટાળો અનુભવે તે સ્વાભાવિક હતું, પણ મારા પિતાજી સ્વામીજી પ્રત્યે ઘણો આદર દાખવતા. એમ તો જરૂર લાગે કે સ્વામીજીએ કોલેજનો ઉચ્ચ અભ્યાસ કર્યો છે. વધુ પરિચય થતાં તેઓ અમારા અભ્યાસ બાબત પણ પૂછ્યા કરતા અને ખાસ કરીને અંગ્રેજી સાહિત્યમાં રુચિ રાખી ખંતથી મહેનત કરવાની સલાહ આપતા. બેએક વખતતો પિતાજીએ તેમને જમવાનું પણ આમંત્રણ આપેલું. જે વસ્તુઓ પીરસવામાં આવેલી તે સઘળી તેઓ આરોગી જતા. પિતાજી જો આગ્રહ કરી પીરસાવે તો તે પણ વિના સંકોચે પૂરી કરતા. આથી મારો તેમના પ્રત્યેનો અણગમો દૃઢ થતો ગયો.

એકવખત મેં જરા રીસમાં પિતાજીને કહ્યું 'અનંતસ્વામી તે કઇ જાતના સાધુ છે? તેમને તેમની વૃત્તિઓ ઉપર જરા-પણ કાબૂ નથી. તેઓ ખરા ત્યાગી નહિ પણ બનાવટી સાધુ લાગે છે' મારા પિતાજીએ મારી ટીકા સાથે સંમત ન થતાં કહ્યું, 'તારો ખ્યાલ બરાબર નથી. એમના પૂરા પરિચય વિના તેં ઉતાવળિયો અભિપ્રાય બાંધી દીધો છે. તેઓ ખરેખર ત્યાગી છે. સાધુ હોઇ અલગારી મિજાજના છે, મસ્ત છે. એટલે આજુબાજુની દુન્યવી વસ્તુઓનો કે રિવાજોનો તેમને બહુ ખ્યાલ ન રહે. વળી તેઓ પોતે કોઈ વસ્તુની માગણી કરતાજ નથી. જે આપો તે સહર્ષ સ્વીકારી લે છે. ન આપો તો પણ કંઇ નહિ!" પરંતુ આથી મારા મનનું કોઇ સમાધાન થયું નહિ અને સ્વામીજી પ્રત્યેની ગ્રંથિ ચાલુ રહી.'

પછી થોડા દિવસ સુધી તેઓ દેખાયા નહિ એટલે મારા પિતાજીએ તેમની તપાસ કરવા વિચાર્યું. મારે પણ ગામમાં કંઇ કામ હતું એટલે હું તેમની સાથે ગાડીમાં બેસી ગયો. પહેલાં તો પિતાજીએ ગાડી એક મંદિર તરફ લેવા ગાડીવાનને સૂચવ્યું, જ્યાં સ્વામીજીએ ઉતારો કર્યો હતો. મંદિરના પૂજારી પિતાજીને સારી રીતે પિછાનતા હતા. તેમણે કહ્યું-" સ્વામીજીનો બે દિવસ પહેલાં દ્વારકા તરફ જવા નીકળી ગયા છે. અમે ઘણો આગ્રહ કર્યો પણ રોકાયા નહિ." પિતાજી-એ કહ્યું-'તેમણે મને તો કંઇ જણાવ્યું ન હતું કે તેઓ હવે અહીંથી વિદાય થવાના છે.' પૂજારીએ ઉત્તર આપ્યો-'સાહેબ સ્વામીજી તો અલગારી માણસ છે. મનમાં વિચાર આવ્યો કે જવું છે એટલે ઉપડી ગયા. અમને પણ અગાઉથી કંઈ જાણ કરેલી નહિ !'

પિતાજીએ મને કહ્યું-'જોયું, સ્વામીજી સાવ ફક્કડ ગિરધારી છે. મનમાં આવ્યું કે ઉપાડી ગયા.' પછી પિતાજીને ફરવાનું હોઇ ગાડી તેમણે બહારના સ્થળ તરફ લેવા કહ્યું, જ્યાં સ્મશાનનો ભાગ હતો. થોડે દૂર ગયા ત્યાં નજર કરી તો એક ઝાડ નીચે નાના ઓટલા પર કોઇ માણસ બેઠેલું જણાયું. પિતાજીએ મને કહ્યું-'જરા ઉતરીને જો તો, પેલું સ્મશાનમાં કોઇ બેઠુ છે. તે કદાચ સ્વામીજી હોય ! મેં જરા તિરસ્કારથી જવાબ આપ્યો ત્યાં સ્વામીજી કેવા-અને હોય તો પણ શું ?' પિતાજી કહે- 'અરે જરા ખાત્રી તો કર. જો તેઓજ હોય તો આપણે તેમને મળીએ." કમને પણ હું ગાડીમાથી નીચે ઉતર્યો. જરા નજીક જતાં જણાયું કે તે વ્યકિત અનંતસ્વામીજ હતા ! એટલે પિતાજી પણ ગાંડીમાંથી નીચે ઉતરી સ્મશાન તરફ આવવા લાગ્યા. જરા દૂરથી અમને જોતાં સ્વામીજી અમારા તરફ આવ્યા અને હસવા લાગ્યા. પિતાજીએ કહ્યું.-'



'અરે સ્વામીજી, આપ અહીં સ્મશાનમાં ? આપતો દ્વારકા જવા માટે પ્રયાણ કરેલ તેમ સાંભળ્યું હતું.' સ્વામીજી-' 'હા, તે ખરૂં છે. અહીંથી પસાર થતાં લાગ્યું કે કેવું નિરવ અને એકાંત સ્થાન છે ! લાવને થોડો સમય રોકાઇ જાઉં ઈશ્વર સ્મરણ પણ થશે. અમે તો અલગારી રહ્યા. આજ યહાં તો કલ વહાં. તમારી જેમ મારે થોડું કોઇ બંધન છે ?' પિતાજી-'પણ તમે ભોજનનું શું કર્યું ? આપ મારી સાથે ચાલો.' સ્વામીજી-'પહેલે દિવસે તો થોડો પ્રસાદ મંદિરમાં આરોગ્યો હતો, એટલે ચાલ્યું. બીજે દિવસે અહીં રસ્તા ઉપર એક સીંગ-ચણા વેચનારો નીકળ્યો એટલે મેં તેને વિનંતી કરી કે ભાઇ, હું સાધુ છું, મારી પાસે પૈસા નથી, પણ ભગવાનના નામે થોડા સીંગ-ચણા આપે તો મહેરબાની. તેણે એક મૂઠી આપ્યા જેનાથી ચલાવી લીધું. અહીં નજીકમાં પાણીનો નળ છે, તેથી બીજી કોઇ અગવડ પડી નથી. ખુલ્લામાં સુવાની મને ટેવ છે, જેથી ઈશ્વર-ભજન પણ સારૂં થઇ શકે છે. આપ ચિંતા નકરો. હવે તો હું દ્વારકાના દર્શને જરૂર નીકળુંજ છું" અને જે કંઇ થોડો સામાન હતો તે બગલમાં ગાલી તેઓ ચાલવા માંડયા.

મારા પિતાજીએ પત્ર લખવાનો આગ્રહ કરતાં તેમણે સ્પષ્ટતા કરી-"એવી જંજાળમાં પડતો નથી. વળી મારૂં કોઇ ઠેકાણું નહિ. આજેઅહીં તો કાલે વળી બીજે ક્યાંય. ઈશ્વરેચ્છા તો ગિરનાર થઈને હિમાલય તરફ જવા વિચાર છે. એટલે આપણે ફરી મળવા સંભવ નથી." ત્યારબાદ અનંતસ્વામી વિષે કંઈ જાણવા મળેલું નહિ. પણ તેમણે સ્મશાનમાં જે ધામો નાખેલો તેનાથી મારી તેમના વિરુદ્ધની ગ્રંથિ દૂર થઇ ગઇ. મને મારી ભૂલ સમજાઇ અને ખાત્રી થઇ ગઇ કે અંનતસ્વામી ખરેખર અલગારી અને ત્યાગમૂર્તિજ હતા. તેમનું સ્મરણ હજી સુધી સ્મૃતિપર ચિરજીવ રહ્યું છે.

# એક યાદગાર મુલાકાત

પ્રતીક્ષા દિલીપ મહેતા

તે દિન મારે માટે ધન્ય હતો ! મનમાં ખૂબ મૂંઝવણ હતી. ચિત્ત ભટકતું હતું. શાંતિ ઝંખતું હતું. પિતાશ્રીની સાથે યોગેશ્વરજીની પ્રેમકુટિરમાં પહોંચ્યા. ખરેખર ! આધ્યાત્મિક પ્રેમનો વાસ તો પ્રેમકુટિરમાં હોય ને ! "તમે શું ભણ્યાં છો ?" એક નાનકડો સવાલ...
પૂ. શ્રીના શ્રીમુખેથી નીકળ્યો.

'એમ. એ.' મેં જવાબ આપ્યો.

'કયા વિષયમાં ?' 'Philosophy ફિલોસોફી"

"Philosophy નો અર્થ જાણો છો ?" યોગેશ્વરજીએ પૂછ્યું.

મેં કહ્યું, "હા. philo એટલે Love ને Sophia એટલે Wisdom. Love for Wisdom."

તેનો આધ્યાત્મિક અર્થ જાણો છો ? મેં કહ્યું, 'ના'
તેમણે મીઠું મલકાઈને જવાબ આપ્યો, અમારા માટે Philosophy એટલે ફક્ત Wisdom માટેનો 'Love' નહીં, પ્રાણીમાત્ર પ્રત્યેનો જગતના તમામ જીવજંતુ માટેનો પ્રેમ. નાનો એવો જવાબ હતો. પણ તેનો અર્થ કેટલો બધો ગૂઢ હતો. ! એમના આ શબ્દો મારા માનસપટ પર સદા માટે અંકિત થઇ ગયા. આજ દિન સુધી આ શબ્દોને જીવનમાં ઉતારવા કોશિષ કરી રહી છું. પણ ક્યાંક ને ક્યાંક અહં મોહ ને હું ની દિવાલ વચમાં આવી જાય છે. આપણી દૃષ્ટિ ક્યારે તેમના જેટલી વિશાળ બની શકશે ? તે માટે તો યોગેશ્વરજીના અંતરના આશીર્વાદની જરૂર છે.



# ભક્ત જનાબાઈ

હિંદી ઉપરથી સંકલન : મંજુલાબેન અમીન

મહારાષ્ટ્રમાં નામદેવનામે એક મહાન ભકત થઈ ગયા. તેઓ જાતે દરજી હતા. પરંતુ બાળપણથીજ તેમનામાં ઉત્તમ પ્રકારની ભક્તિ હતી. એ સગુણ ઉપાસક હતા અને ભગવાન વિઠ્ઠલની સેવા કરતા. તેમની ભકિત એટલી બધી ઉત્કટ ને ભાવપૂર્ણ હતી, કે એની અસર એમના સંસર્ગમાં આવતા સહુ કોઇ ઉપર થતી.

એમનાજ ઘરમાં કામ કરતાં જનાબાઇ પણ એવાંજ ભકત શ્રેષ્ઠ હતાં. જનાબાઇ નામદેવના ઘરમાં–ઘર કામ કરતાં, પરંતુ ઘરનું ઝાડુ વાળતાં, કપડાં ધોતાં કે વાસણ માંજતાં એમનું મન સતત ભગવદ્ સ્મરણ કર્યા કરતું. વળી એમની આ ભાવનાને પોષક વાતાવરણ પણ ભક્ત નામદેવના ઘરમાં મળી રહેતું કારણ કે તેમને ત્યાં દરરોજ સત્સંગ ને ભગવદ્ ચર્ચાના કાર્યક્રમો ચાલ્યાં કરતા. આથી જનાબાઈના દિલમાં પણ ભગવદ્ નામની પ્રીતિ વધવા લાગી.

એક પ્રસંગે એકાદશીના દિવસે નામદેવના ઘરમાં ભકતોની મંડળી બેઠી છે. અખંડ કીર્તન ચાલી રહ્યું છે. રાત થવા છતાં પણ ભક્તો કીર્તનમાં તન્મય છે. કોઈને સમયનું ભાન સુદ્ધાં નથી, જનાબાઈ એક ખૂણે દીવાલને અઢેલી ઊભાં છે. એ પણ ભજન ને કીર્તનના રસાસ્વાદમાં તન્મય બની ગયાં છે. શરીરનું ભાન પણ ભૂલી ગયાં છે, તો સમયનો ખ્યાલ તો એમને રહેજ ક્યાંથી ? એમ કરતાં મધરાત વીતી ગઇ. છતાં ભકતો સંકીર્તનમાં મશગુલ છે. એમ કરતાં કરતાં સવાર થવા

આવ્યું, ત્યારે ભક્તો વિખરાયા. જનાબાઈ પણ પોતાને ઘેર ગયાં.

આખા દિવસના કામનો થાક ને રાતના સંકીર્તનનો અખંડ ઉજાગરો. એટલે ઘરે જતાંજ તેઓ સૂઇ ગયાં ને તેમને નિદ્રા આવી ગઇ.

રોજ સૂર્યોદય થતાં પહેલાં ઊઠવાની એમની રોજની ટેવ. પરંતુ તે દિવસે ઊઠયાં તો સૂર્યોદય થઈ ગયેલો. રોજ કરતાં મોડું થઇ ગયેલું. એટલે ઝડપથી પ્રાતઃકાલ કર્મ પતાવી, નામદેવને ત્યાં કામ કરવા પહોંચ્યાં. મનમાં થોડી ચિન્તા પણ ખરી કે આજે મોડુ ઊઠાયું છે એટલે ઘરકામમાં પણ મોડું થશે.

નામદેવને ત્યાં પહોંચીને ઝાડું કાઢી, ઉતાવળાં તે કપડાં લઇને ચંદ્રભાગા નદીએ ધોવા ગયાં. થોડા કપડાં ધોયાં, ત્યાં યાદ આવ્યું કે પ્રભુસેવા માટેની તૈયારીનું રોજનું કામ કરી આપવાનું તો આજે રહીજ ગયું! હવે શું થાય! એમણે વિચાર્યું કે કપડાં તો થોડાં મોડાં ધોવાશે તો ચાલશે પરંતુ પ્રભુસેવાનું કામ તો પહેલું થવું જોઇએ. એટલે બાજુમાં કપડાં ધોતી એક બેનને કપડાં ભળાવીને એ સીધાં નામદેવજીને ત્યાં ઉપડ્યાં.

રસ્તે થોડું ચાલ્યાં, ત્યાં એક વૃદ્ધ અપરિચિત સ્ત્રી મળી. તેણે જનાબાઇના પાલવને પકડીને પૂછ્યું, "બેટા, આમ ગભરાતી ગભરાતી ક્યાં દોડી રહી છે? એવું તે શું કામ છે?" જનાબાઈને ઉતાવળ હતી છતાં એ વૃદ્ધ ડોશીના આગ્રહને વશ થઇ પોતાના મોડા થયાની વાત એમને કરી. તેની વાત સાંભળી તે વૃદ્ધ સ્ત્રી બોલી "અરે, એટલીજ વાત છેને! બેટા તું ગભરાઇશ નહિ. તું તારૂં કામ પતાવીને પાછી આવ, ત્યાં સુધી હું તારાં કપડાં ધોઉં છું. એટલે તારે મોડું નહિ થાય."



એ વૃદ્ધ સ્ત્રીનો આવો પરોપકારી ભાવ જોઇ, જનાબાઇ બોલ્યાં "ના, મા ના. તમે મારા માટે એવું કષ્ટ ન ઊઠાવતાં. હું તો હમણાં પાછી આવું છું."

આમ છતાં વૃદ્ધ સ્ત્રીએ હસતાં હસતાં કહ્યું, "બેટા, એમાં કષ્ટ શાનું? હું તો આવું કામ કરવા ટેવાયેલી છું. છતાં તારૂં મન ન માને તો તું કોઇકવાર મને મદદ કરજેને!"

વૃદ્ધ સ્ત્રીની પ્રેમભરી વાતો સાંભળી જનાબાઇ કશુંજ બોલી ન શકયાં. પરંતુ એમના મનમાં એ વૃદ્ધ સ્ત્રીની પરોપકારની ભાવના અને એનો પ્રેમમય વ્યવહાર વસી ગયાં.

એ વૃદ્ધ સ્ત્રી તો કપડાં ધોવા લાગી અને એણે જોતજોતામાં કપડાંના એ આખા ઢગલાને ધોઇ નાંખ્યો! સાથે સાથે એ કપડાં પહેરનારના મનના મેલ પણ ધોતાં ગયાં.

જનાબાઇ ઘરનું દેવસેવાનું બાકી રહેલું કામ પતાવી ઝડપથી પાછાં આવી જુએ છે તો તે વૃદ્ધ સ્ત્રીએ બધાંજ કપડાં ધોઇ નાખેલાં! જનાબાઇને આશ્ચર્ય થયું! તેમના હ્રદયમાં એ વૃદ્ધ સ્ત્રી માટે એકદમ ભાવની લાગણી થઇ આવી: જનાબાઇને જોતાંજ એમણે કહ્યું "બેટા, આ કપડાં ધોતાં મને જરાય કષ્ટ પડયું નથી. આ તો નાનું સરખું કામ હતું, એમાં મને શું કષ્ટ પડે?–લે, આ કપડાં તુ જોઇ લે. હવે હું જાઉં."

જનાબાઇનું હ્રદય એમના સ્નેહથી એકદમ ગદ્‌ગદ્‌ બની ગયું! એમને એ પણ ખ્યાલ ન રહ્યો કે એ વૃદ્ધ સ્ત્રી જતી રહી છે. પરંતુ થોડી વારમાં તે સ્વસ્થ થયાં એટલે એમને વિચાર આવ્યો, 'અરે, હું એ ડોશીમાનું નામ ને ઠેકાણું તો પૂછવાનું ભૂલી ગઈ! તુરતજ તે ડોશીમા જતાં હતાં તે માર્ગે દોડ્યાં. પરંતુ ત્યાં તો કોઇ ન હતું. એટલે નિરાશ થઇ પાછાં

આવ્યાં. એમને થયું કે એ ડોશી જો મળ્યાં હોત તો કોઈક વાર હું પણ એમને મદદરૂપ થાત. પણ હવે એ તક રહી ન નહીં. ધોયેલાં કપડાં લઈ એ નામદેવને ત્યાં ગયાં; પરંતુ એમની આંખ આગળ તો પેલી વૃદ્ધસ્રીની આકૃતિજ રમ્યાં કરતી હતી.

જનાબાઈને આટલાં જલ્દી કપડાં ધોઇને આવેલાં જોઇ, નામદેવજીને આશ્ચર્ય થયું. એમણે પૂછ્યું તો જનાબાઇએ વૃદ્ધ સ્રીએ કેવી રીતે કપડાં ધોઇ આપ્યાં, તેની વાત વિગતે કહી. વાત કરતાં જનાબાઇ ગદ્‌ગદિત થઈ ગયાં.

નામદેવ પ્રભુની આ લીલાને પામી ગયા. એમણે કહ્યું, “જનાબાઈ, તમે ભાગ્યશાળી છો. એ વૃદ્ધ સ્રી કોઇ સામાન્ય સ્રી ન હતી, પરંતુ સાક્ષાત્ નારાયણજ હતા. તેઓ પ્રેમવશ તમારા કામમાં મદદ કરવા આવ્યા હતા.

આ સાંભળતાંજ જનાબાઇની આંખમાંથી ડબ ડબ પ્રેમના આંસુ ટપકવા માંડયાં. એમને થયું, “પ્રભુ, આપે મારા માટે આવું કષ્ટ ઉઠાવ્યું ?” એ વિચારે એમને દુઃખ પણ થયું. જ્યારે ભક્ત મંડળીએ આ વાત જાણી ત્યારે સહુને ખૂબ ખૂબ આનંદ થયો.

એ પછી તો જનાબાઇનું સમસ્ત મન પ્રભુના પ્રેમનાં સ્મરણમાં ડૂબેલું રહેતું શરીર કામ કર્યાં કરતું, મન તો પ્રભુની યાદમાં જોડાયેલું રહેતું.

જનાબાઇના આવા પ્રેમભાવને લીધે, પ્રભુ એમનાથી કેટલો વખત દૂર રહી શકે ! ઘણીવાર ઘંટી ચલાવતાં જનાબાઈ થાકી જાય, તો પ્રભુ પોતે સામે બેસી ઘંટી ચલાવવા લાગી જતા. જનાબાઈ તો પ્રભુના અભંગો પ્રેમપૂર્વક ગાતાં જાય અને



પ્રભુ જાણે તે સાંભળવા દોડી આવી, એમના કામમાં મદદ કરવા લાગી જાય.

પ્રેમનો કેવો મહિમા ! જનાબાઇ જેવાં અભણ સામાન્ય સ્રીના પ્રેમભાવથી પ્રભુ વશ થઇને એમના કામમાં મદદ કરવા આવતા. એકવાર પ્રભુ માટેનો પ્રેમ જાગી જાય, તો જીવનમાં જપ, તપ કે યોગની કોઈ આવશ્યકતા રહેતી નથી. પ્રેમનો આવો પ્રબળ મહિમા છે.

જનાબાઇ જેવાં સંતો એનાં જીવંત ઉદાહરણ છે. ધન્ય છે જનાબાઈ અને એમની એકનિષ્ઠા ભકતિને !


## વિજય ચંપલ માર્ટ

પ્રો. વિજયકુમાર જી. ચાવડા
વડવા પાદર દેવકી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
આધુનિક તથા અવનવી ડીઝાઇનમાં
હાથ બનાવટના છુટક ચંપલ વેચનાર

## વિજય ફુટવેર

પ્રો. ગીરધરભાઈ શામજીભાઈ
વડવા પાદર દેવકી, ભાવનગર. ૧

## ચંક્રમણ

અમારી આ ગતિ કેવી!
શિશ્નોદર–પરાયણ;
માયા–આવરણે વ્યાપ્ત,
જન્મ–મૃત્યુનું કારણ.

માંસ–કાંટે ફસે મત્સ્ય,
હરિણી ગારુડી સ્વરે;
વિષય–લુબ્ધ જીવાત્મા,
માયા–વિષે ક્ષણે મરે.

મળેના ઘૃતનું બિન્દુ,
ગર્દભી–ક્ષીર મંથને;
ઝાંઝવાના જલે જેવી,
તૃપ્તિ, ભૌતિક ભોગ શું!

અહંતા–મમતા લુબ્ધ,
જીવાત્મા જન્મતો જગે;
પ્રકૃતિ–બન્ધનો તોડયે,
ચૈતન્ય ધબકે રગે.

પુરુષ–પ્રકૃતિ યોગે,
નશીલી સૃષ્ટિ વિસ્તરી,
ક્ષર––અક્ષર વિજ્ઞાને,
બ્રહ્મ અગ્નિથી બાળવી.

અરે! આ નિયતિ કેવી!
માનવીની! પ્રવાહમાં



કર્મના, ઢસરડાનું
સ્વેચ્છા, સંકલ્પ ના કશું?

અદૃષ્ટ કર જ્યાં દોરે
દોરાવાનું વિધિ–લખ્યું!
વિવર્તે અન્ધ–વિપાકે,
આવ્યુ દુઃખાગ્નિ શું ધખ્યું!

જ્ઞાન–વૈરાગ્યની આંખે,
યોગ–ભક્તિની પાંખ શું;
ચૈતન્ય આભલે ઊડે,
જીવ–હૂમા અનન્તમાં.

નિત્ય–સ્વરૂપ જીવાત્મા,
જીવન્મૃત કાલ–સાગરે;
જરા–મૃત્યુ તણી લીલા,
તરી સત્કર્મની તરે.

જીવાત્મા હો ભલે, કિન્તુ
પુત્ર અમૃતનો, મરે?
સિન્ધુનું બિન્દુ, રશ્મિ તે
તેજસ્વી સૂર્યનું ખરે.

ડૉ. રણજીત પટેલ
(अनामी)

*

## માગવાનું મન ન રહે

હે પ્રકાશના સ્વામી !
મારા પર એટલો અનુગ્રહ કરો :
કે માગવાનું મને મન ન રહે,
ને માત્ર આપવાનું જ ગમે.
સાંત્વના જોઈએ તેને સ્નેહ આપીશ,
સમજણ માંગે તેને જ્ઞાન આપીશ,
મમતા માંગે તેને પ્રેમ આપીશ,
આપીનેજ મેળવીશ,
ખાલી થઇને ભરાઇ જઈશ.
એવીજ રીતે મૃત્યુની સાથે રહી,
શાશ્વત જીવન પામીશ.

—સંત ફ્રાન્સીસ.



## મહારાણા પ્રતાપની પ્રિય પ્રાર્થના*

અવ દયા કરો બસ નાથ
જીવન એળે વહી ન જાય.
આ મન મરકટ શું શું ન કલ્પે,
કંઇ બનતું, ને કંઇ નવ થાય.
આ ટાણે વિભુ એવો જગાવો,
જેથી ન ફરી તંદ્રા આવી જાય.
આ જીવતર ફેરો ન મળે ફરી
બસ એવી સમજણ થાય.
અવ દયા કરો બસ નાથ,
જીવન એળે વહી ન જાય.
દુનિયામાં આસક્ત બનીને,
સ્વાર્થી કરતૂત અગણિત થાય.
સુખ માટે તરફડિયા મારી,
કષ્ટ સાગણિત સહ્યા જાય.
આજસુધી બસ જીવન ક્ષુલ્લક,
વીત્યું આખું-કહ્યું ન જાય.
જીવનસાધન-ભવસિંધુ તરવા,
એવી સમજણ થાય.
સંસારનો ભય ન રહે જરા પણ
એવી કૃપા તુજ થાય.
અવ દયા કરો બસ નાથ,
જીવન મારું એળે ન જાય.

—મધુરમ્

* મહારાણા પ્રતાપના ઇષ્ટદેવ એકલિંગીજીના મંદિરમાંની હિંદી પ્રાર્થના પરથી.

# પૂ.માના ઉપવાસો વિષે પ્રશ્નોત્તરી

અતુલ કોન્ટ્રાક્ટર

૪થી સપ્ટેમ્બર ૧૯૮૪ના રોજ મારે વડોદરા જવાનું થયું, ત્યારે પૂ.માના દર્શને પણ સ્વભાવિક રીતેજ જવાનું થયેલું. સંતોની મુલાકાતમાં સત્સંગ જ હોય. એ સત્સંગ પ્રશ્નોતરી રૂપે થયેલો. મને થયું આનો લાભ 'અધ્યાત્મ'ના સર્વ વાચકોને કેમ ન આપવો? કેટલાય વાચકો પૂ માના ઉપવાસોથી અજાણ હશે તેમને માટે આ રસપ્રદ થઇ પડશે.

અતુલ : મા, તમે આજે શું લીધું?

પૂ.મા : મને ખાસ કંઇ ઇચ્છા જ નથી થતી. આમ તો ત્રણ ચાર દિવસથી છાશ-ફળ લઉં છું. [વાચકોને કદાચ ખ્યાલ હશે જ કે છાશ એટલે દિવસમાં એક કપ છાશ અને ફળમાં કોઈપણ ફળના બે-ત્રણ ટૂકડા જ. જેને આપણે સૌ સામાન્ય રીતે ન લીધા બરાબરજ ગણીએ.] પણ તું નહીં માને, આજે મેં પાણી પણ નથી લીધું. ઇચ્છાજ નથી થતી. સવારે મેં કુંદનબેનને કહ્યું હતું કે બપોરે ત્રણ વાગે પાણી લઇશ. તેઓ ત્રણ વાગે પાણી લઇને આવ્યાં. પણ જો, ૬ા થયા, હજી ઈચ્છા જ નથી થઇ. રોજ તો એક બે કલાક પછી ઇચ્છા થાય, પરંતુ આજે તો થતીજ નથી. પાણી કે સરબત જોઉં છુ ને કંઈક અણગમા જેવું થાય છે. આજ સુધીના ૧૭૩ દિવસમાંથી ૪૯-૫૦ જેટલા દિવસતો પાણી કે પાણી વગરનાજ ગયા છે.

અતુલઃ- તો મા, આ ઉપવાસોના પરિણામે તમારી દૈનિક ક્રિયાઓ ઉપર કોઈ પ્રતિક્રિયાઓ નથી પડતી?



પૂ.માઃ- પૂ.શ્રીની કેટલી બધી કૃપા છે! નહીં તો આ શરીર ચાલેજ નહીં. મારું શરીર આમેય નબળું જ હતું. પહેલાં જો ઉપવાસ કરતી તો પેટમાં બળતરા થતી અથવા તો પેશાબમાં તકલીફ થતી. અને તાવ શરદી તો મહિનામાં એકાદવાર મહેમાનગતિ માણીજ જાય. જ્યારે આજે કેટલા બધા મહિના થયા! કોઇ તકલીફ નથી. દર બે ત્રણ દિવસે પેટ નિયમિત સાફ થાય છે. જો ફક્ત પાણી પરનાજ ઉપવાસો હોય તો મળ પાતળા આવે અને પેશાબ પણ કોઈપણ પ્રકારની તકલીફ વગર નિયમિત થાય છે. શરીર એકદમ પવિત્ર થઇ રહ્યું હોય એવું લાગે છે.

અતુલ :-કોઇપણ વસ્તુ મોમાં મૂકતાં પહેલાં અને ખાસ કરીને ભોજન લેતાં પહેલાં તમને અને પૂ.શ્રીને માનસિક રીતે અર્પણ કરીનેજ ગ્રહણ કરવાની ટેવ ઘણા સમયથી મેં પાડેલી છે. પરંતુ તમારા તો હમણાં ઉપવાસ ચાલે છે, એટલે ખંચકાટ અનુભવાય છે.

પૂ માઃ- પ્રભુને અર્પણ કરીને ભોજન લેવાની ટેવ ઘણી સારી કહેવાય. સંતપુરુષો સ્થૂળદેહે હાજર હોય કે ન હોય, પરંતુ પ્રેમથી અર્પણ કરેલી સર્વ ચીજ પ્રભુ સ્વીકારેજ છે. અને એથી શરીરમાં વિચારોનું પરિવર્તન આવેજ છે. સંતપુરુષોની આપણાં ભોજન પરની એકાદ નજર આપણા ઉદ્ધાર માટે પૂરતી થઈ પડે. શરીરમાં, વિચારોમાં સંપૂર્ણ પરિવર્તન થઈ જાય. પછી તો જેવી યોગ્યતા અને પ્રભુની ઇચ્છા! ધીરે ધીરે પણ પરિવર્તન આવે. મીરાંની જેમ ઝેરનો પ્યાલો પણ પ્રભુને અર્પણ કરવાથી અમૃત થઇ જાય.

—*—

## પૂ. માનું વ્રત

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનું વ્રત હજી એકધારૂં, અખંડ ચાલે છે. પ. પૂ. શ્રી યોગેશ્વરજીની દિવ્ય શક્તિજ એમનું આંતરિક રીતે પોષણ અને રક્ષણ કરે છે, તે સિવાય આજે ૧૯૫ દિવસો થયા, છતાં પૂ મા આવું કઠોર ને ઉગ્ર તપ શી રીતે કરી શકે ? મા ખૂબ સ્વસ્થ છે ને પોતાની સાધનાત્મક પ્રવૃત્તિ યથાર્થ રીતે કરી રહ્યાં છે.

પૂ. મા તા. ૨૦-૯-૮૪થી તા. ૩-૧૦-૮૪ સુધી કપુરા ખાતે છે. તેમાં તા. ૧૮-૯-૮૪ થી ૧૬ દિવસ માટે તેઓનું કેવળ પાણી ઉપરનું વ્રત શરૂ થયું છે. ફળ, દૂધ, કે છાશ સંપૂર્ણ બંધ છે. વળી નવરાત્રિ દરમ્યાન પૂ. મા કાષ્ટ મૌન રાખી, એકાંતમાં રહેવાનાં છે. પ્રભુની દિવ્યશક્તિજ પૂ. મામાં આજે કાર્યાન્વિત બની કામ કરી રહેલી લાગે છે.

પૂ. મા તા. ૪-૧૦-૮૪ના રોજ વડોદરા પધારવાના છે, તે પછીનો તેમનો કાર્યક્રમ હાલ નક્કી થયેલ નથી.

પ. પૂ. માનું વ્રત શીઘ્રાતિશીઘ્ર ફળે અને એમની સાધના પરિપૂર્ણ થાય એવી પ્રભુને પ્રાર્થના સિવાય આપણે કરી પણ શું શકીએ ?

—સર્વેશ્વરી પદરેણુ

*——*



## મારી શ્રદ્ધા

પૂ. પ્રભુનો પરિચય તો મને મારી મમ્મી મારફત થયો. હુ નાનો હતો, ત્યારે મારી મમ્મી સાથે કારેલીબાગમાં જતો. પ્રભુ મને કોઇકવાર ફુલ કે પ્રસાદ આપે તો હું પ્રેમથી ખાઇ જતો. મા આવ્યા પછી તો મા-પ્રભુનો ફોટો હું સ્કુલમાં પણ સાથે લઇ જતો. પરીક્ષામાં પણ હું ફોટો સામે મૂકીનેજ પેપર લખતો. એકવાર એક સુપરવાઇઝરે મને પૂછ્યું, આ તારા મમ્મી-પપ્પા છે ? તો મેં કહ્યું : “ના, આ મારા ગુરુજી અને આ મારાં મા છે.” પેપર લખવાનું શરૂ કરૂં ત્યારે પેપર ઉપર પહેલાં હું મા-પ્રભુ' લખતો, પછીજ હું પેપર લખવાનું શરૂ કરતો. તો મારૂં પેપર સારૂં જાય.

ઘણીવખત પ્રભુ મને કશું પણ સ્કૂલ વિષે કે મારા ભણતર વિષે પૂછે તો મને થાય કે પ્રભુ આજે મારી સાથે બોલ્યા. એથી મને ખૂબજ આનંદ થતો.

એક વખત મને તાવ આવ્યો. ત્યારે મમ્મી સાથે પ્રભુએ ગુલાબ મોકલાવ્યું હતું. તે ગુલાબ પ્રભુનું નામ બોલીને હું ખાઇ ગયો. તો મને થોડીજ વારમાં સારું થઇ ગયું.

મને પ્રભુ ગમે, પણ મા એનાથી પણ વધારે ગમે છે. પ્રભુના સંપર્કમાં આવ્યા પછી હું માળા, જપ વગેરે કરવા લાગ્યો. બાકી મારામાં કાંઇ ફેરફાર થયો નથી. હું ખૂબ ભક્તિ કરું, ખૂબ માની સેવા કરું ને ખૂબ ભણું એવી મા-પ્રભુના ચરણોમાં પ્રાર્થના કરું છું.

લિ. આશિષ જોષી
(ઉંમર ૧૪ વર્ષ)

# ગુરૂ કૃપાનો અનુભવ

શ્રી જીતુભાઈ ગાંધી

શ્રાવણ સુદ બારશ. પૂ. શ્રી યોગેશ્વરજી નો જન્મદિવસ. તે દિવસે મારે પૂ. શ્રીના જ જરૂરી કામ માટે બહારગામ જવાનું હતું, જેથી પૂ. શ્રી તથા પૂ. મા સર્વેશ્વરીને પ્રણામ કરી નીકળ્યો. પ્રભુને યાદ કરતો ત્યાં પહોંચ્યો. મારા મિત્ર સાથે તે કામના વિભાગની ઓફીસમાં અમે પહોંચી ગયા.

અમે બન્ને એ કામના અજાણ હતા. ઓફીસમાં પણ અમારૂં કોઇ જાણીતું ન હતું. શું કરીએ? કોને પૂછીએ? કામ કેવી રીતે કરશું, તેની ચિંતા બન્નેના મનમાં હતી.

ત્યાંજ અમને બન્નેને એક સરખો એકજ વિચાર આવ્યો. "ચાલો આપણે આ ટાઇપીસ્ટને જ પૂછીએ." પૂછ્યું તો તરત જ તે ભાઇ પોતાનું કાર્ય અધુરૂં મૂકીને અમારી સાથે આવવા ઊભા થઇ ગયા.

અમારી સાથે ચાલ્યા, એક ટેબલ પાસે લઇ ગયા. ત્યાં તે ટાઈપીસ્ટ ભાઇએ આ ટેબલવાળા ભાઈને અમારા કામ અંગે વાત કરી તો તે ભાઈ અમારા આશ્ચર્ય વચ્ચે તુરત અમને મદદ કરવા ઊભા થઇ ગયા. અને અમને જ્યાં મુખ્ય કામ હતું તે ઓફિસર પાસે લઇ ગયા. સંજોગોવસાત તે ઓફિસર ખુરસી પર ન હતા એટલે બાજુના ઓફિસરે અમને બેસવાનું કહ્યું. અમે એક નાનકડા ટેબલ ઉપર બેઠા.

થોડી જ વારમાં મુખ્ય ઓફિસર આવી ગયા. અમારી સાથે આવેલ બે ભાઈઓએ અમારા કામ અંગે વાત કરી. તુરત જ તે ઓફિસરે તે ફાઇલ શોધવા પ્રયત્ન કર્યો. આશ્ચર્ય



તો એ હતું કે એમની વિશાળ ઓફીસમાં હજારોની સંખ્યામાં અનેક ફાઇલો પડેલી હતી. આ બધી ફાઇલોમાંથી અમારે જે જરૂર હતી તે ફાઈલ અમે જ્યાં બેઠા હતા, તે ટેબલ નીચે જ છૂટી પડી હતી. અમને એની ખબર ન હતી, આતો જ્યારે તે ઓફિસરે અમારી નીચે પડેલી ફાઇલ ઊચકી અને જોયું ત્યારે જ અમને ખબર પડી કે આ એજ ફાઇલ છે, જેની અમારે જરૂર હતી, જાણે એ અમારી રાહ ન જોતી હોય? તુરત જ તે ઓફિસરે વિના વિલંબે બીજી કોઈ પણ જાતની અપેક્ષા રાખ્યા વિના અમારૂં કાર્ય પૂર્ણ કરી આપ્યું.

અમને ભારે શાંતિ થઈ. અમે મનોમન પૂ. શ્રી યોગેશ્વરજીને યાદ કરી રહ્યા.

આનંદ અને આશ્ચર્ય વચ્ચે અમે બહાર નીકળ્યા. અજાણી ઓફિસમાં, અજાણ્યા માણસો, પંદર દિવસે પણ પુષ્પાંજલિ કર્યા સિવાય જે કામ ન પતે, તે કોઇપણ જાતના ખોટા ખર્ચ સિવાય આમ સરળતાથી એકે ધક્કે પતી ગયું એટલે એમનેય નવાઇ લાગી. ગુરુદેવની કૃપાનુજ એમાં દર્શન થયું. લાગ્યું કે પૂ શ્રીએજ પોતાની દિવ્ય શક્તિથી, એ અજાણ્યા માણસોને પ્રેરણા કરીને કરાવી આપ્યું.

એ વિચારો મનમાં ચાલતા હતા અને હું બસ સ્ટેન્ડે આવી બસમાં બેઠો. સરળતાથી જગા મળી ગઇ. સાંજના પાંચ વાગ્યા હતા. દોઢેક કલાકની મુસાફરી પછી, બસ એકદમ ઊભી રહી ગઇ. તપાસ કરતાં માલુમ પડ્યું કે આગળ રોડ પર અકસ્માત થયો છે. તેથી ગામલોકો આવતી જતી બસો રોકી અટકાવી રહ્યા છે.

અમે નીચે ઊતર્યા. કોઇ ઉપાય ન હતો. રસ્તાની બન્ને બાજુ બસો તથા ખટારાઓની લાંબી લાઇનો લાગી ગઇ

હતી. આમ બે કલાક રસ્તા ઉપરજ ઊભા રહ્યા. અંધારૂં થતાં બસમાં આવીને બેઠા.

થોડીવાર પછી એક ભાઈ સમાચાર લાવ્યા કે એક ટ્રક-વાળો લોકોને વડોદરા લઇ જાય છે. જેને જલ્દી જવું હોય તે ચાલો. અહીં તો રાતના કેટલા વાગશે તે કહેવાય નહિ. એટલે અમે ઉતાવળે ટ્રકમાં બેસવા ગયા, ત્યાં તો ટ્રક ઉપડી ગઇ! હવે શું?

પ્રભુકૃપાથી એકાદ મિનિટમાંજ એક બીજી ટ્રક આવી. એ તદ્દન ખાલી હતી. તેને બધાં પેસેન્જરોએ વિનંતી કરી, એટલે ડ્રાઇવરે બધાંને બેસવા કહ્યું. આગળ કેબીનમાં બેત્રણ ભાઇઓ બેઠેલા હતા. ગભરાટમાં લોકો જે રીતે ફાવે તે રીતે ટ્રકમાં ચઢવા માંડ્યા. હું પણ દરવાજાની બાજુમાંથી ટ્રકમાં બેસવા ઉપર ચઢ્યો, ત્યાંજ પાછળથી એક લુંગીને બંડીવાળો અજાણ્યો માણસ મારાંજ કપડાં ખેંચીને મને કહેવા લાગ્યો "ઊતરીજાવ" મે કહ્યું: "અરે ભાઇ! મારે ચઢવું છે." તે કહે: "હું કહું છું ને તમે ઉતરી જાવ, આગળ બેસો."

"અરે ભાઈ, આગળ જગ્યા નથી."

"પણ હું કહું છું ને કે તમે ઉતરી જાવ ને આગળ બેસો."

છેવટે તે ભાઇની કડક આજ્ઞા જેવા શબ્દોથી મારે ઉતરી જવું પડ્યું અને હું ડ્રાઈવરની કેબીનમાં બેસવા ગયો તો ત્યાં કેબીન ભરેલી હતી. પણ મારા આશ્ચર્ય વચ્ચે, એક ભાઇ ઉતરી ગયો ને મને ત્યાં જગ્યા મળી, હું બેસી ગયો. ભાડાના રૂા. ચાર પણ ડ્રાઇવરને આપી દીધા. અંધારૂં હતું. નાની સરખી લાઇટમાં ડ્રાઇવરે પૈસા લઈ મૂકી દીધા.



મને બળજબરીથી નીચે ઉતારનાર પેલા લુંગીવાળા ભાઈ-તો ત્યાં ટોળામાં દેખાયાજ નહીં. રાત્રિના અંધકારમાં તે કોણ હતા ને કયાં ગયા તે ખબર ન પડી. અમારી ટ્રક ઉપડી. ધીમે ધીમે જ્યાં અકસ્માત થયો હતો તે જગ્યા આવી. રસ્તા વચ્ચેજ બસોની હવા કાઢી નાંખી હતી એટલે વચમાં ગમે તેમ બસો પડી હતી. વારાફરતી સામ સામેની લાઇનમાં વાહનો ચાલતાં. અમારી લાઇન બંધ હતી. સામેની લાઇન ચાલુ થતાં સામેની ટ્રકનો પ્રકાશ અમારા ઉપર પડતો હતો. આ અરસામાં ડ્રાઇવરની નજર મારા ઉપર પડી. એટલે એણે તરત મને પ્રશ્ન પૂછ્યો.

"તમે વાડીમાં રહો છો?"

મે કહ્યું 'હા'

"તમે ગાંધી ઓઇલ મીલવાળા?"

'હા'

"તો તો શેઠ, આ તમારા રૂ. ચાર પાછા લો."

"કેમ? એ તો ભાડુ છે, ભાઇ!"

"ના, શેઠ. તમારૂં મેં ઘણું નિમક ખાધું છે. મારાથી ભાડાના પૈસા ના લેવાય"

"અરે ભાઈ! તમારો આ ધંધો છે."

"ના લેવાય, શેઠ. બીજાપણ તમારી સાથે કોઇ હોય તો તેમના પૈસા પણ લઇ લો."

મે કહ્યું, "ના, હું એકલોજ છું."

તેણે ધીરેથી કહ્યું, "હવે તો શેઠ, હું તમને તમારા ઘર સુધી મૂકી જવાનો. મારી ફરજ છે.

આમ વાતો કરતા તે ટ્રકવાળા ભાઇ રાતના પોણાબાર વાગે વડોદરા છેક મારા ઘરે આવીને મને ઉતારી ગયા.

મને મનમાં એ થતું હતું કે જ્યાં રસ્તામાં હજારો મુસાફરો અટવાઈ પડ્યા હતા, ત્યાંથી મને સલામતરીતે માનપૂર્વક સંભાળીને ઘરે પહોંચાડવાનું કાર્ય કોણે કર્યું ? મારું મન કહે છે મારા ગુરુ સિવાય મારી એવી સંભાળ કોણ રાખે ?

વળી મને આજ્ઞા કરી ટ્રકમાંથી ઉતારનાર ને આગળ બેસવાનો આગ્રહ કરનાર અજાણ્યો લુંગી ને જાકીટ વાળો આદમી કોણ હતો, તે મારે મન આજેય કોયડો છે. એટલી વાત સાચી કે એણે મને આજ્ઞા કરી આગળ બેસાડ્યો ન હોત તો મને ઘર સુધી પહોંચાડવાની જે ઘટના બની તે કદી ન બનત. એ આજ્ઞા કરનાર માણસનો પહેરવેશ ને અભિનય આજે પણ હું ભૂલી શકતો નથી. જીવનભર મને યાદ તે રહેશે.

શ્રદ્ધાળુ માણસ તરીકે મને એમાં મારા ગુરુ શ્રી યોગેશ્વરજીની કૃપાનુંજ દર્શન થાય એ સ્વાભાવિક છે. પ્રભુ, અમારા ઉપર એવી કૃપા કાયમ વરસાવતા રહેજો, એજ પ્રાર્થના.

દોષદર્શનના કરતાં સહેલી બીજી કોઇ વસ્તુ નથી : કૂથલીનો વ્યવસાય ચલાવવામાં કોઇ જાતની કાબેલિયતની, ત્યાગની કે કોઇ બુદ્ધિ-પ્રતિભાની જરૂર પડતી નથી.



# પ્રકાશના પંથે (શ્રીયોગેશ્વરજીની આત્મકથા)

સંક્ષેપ: દીપક પ્ર. મહેતા

## આલ્મોડાના આશ્રમમાં

માઇલોના લાંબા એકધારા પરિશ્રમપૂર્ણ પ્રવાસ પછી હું ફરી પાછા હિમાલયના પ્રશાંત પવિત્ર તીર્થસ્થાન દેવપ્રયાગમાં પહોંચી ગયો. દેવપ્રયાગના આશ્રમમાં પહોંચીને મેં મારો બહુમૂલ્ય સમય ત્યાંના સ્વાનુભવોની સુખદ સ્મૃતિમાં અને પરમાત્માની સંવેદનાસભર સતત પ્રાર્થનામાં પસાર કરવા માંડ્યો.

એ દિવસોમાં મને માતા આનંદમયીનો વિચાર આવવા માંડ્યો. તેમનો મેળાપ ઇ.સ ૧૯૪૩માં દેહરાદૂન અને રામપુર બન્ને સ્થળે થયેલો. તે વખતે તેમણે સારો ભાવ દેખાડેલો. એમનો આશ્રમ આલ્મોડામાં છે એનો મને ખ્યાલ હતો. મેં આલ્મોડા જવાનો નિર્ણય કરી લીધો.

જે દિવસે દેવપ્રયાગ છોડવાનું હતું, તેજ દિવસે ધ્યાનાવસ્થામાં આદેશ મળ્યો કે "જવા માગો છો પણ મળશે નહીં. પછી તમારી ઇચ્છા." મને મારા આદેશોમાં અથવા આંતર અવાજોમાં અતૂટ વિશ્વાસ હતો. મારું જીવન એને અનુસરીનેજ ચાલતું. એ સ્વાનુભૂતિ યુક્ત અલૌકિક અવાજે મને મહાન બનવાની, યોગી બનવાની પ્રેરણા પૂરી પાડી. ઋષિકેશની દૈવીભૂમિમાં ઇ.સ. ૧૯૪૦માં શાંતિ આપી, ઋષિકેશની ધર્મશાળા છોડાવી અને એવાં અનેક કલ્યાણ કાર્ય, એ અલૌકિક અવાજેજ સિદ્ધ કરેલાં. એને અનુસરવામાંજ મારૂ શ્રેય હતું.

પ્રસ્થાનના દિવસે મેં દેવપ્રયાગના સુપ્રસિદ્ધ જ્યોતિષી શ્રીચક્રધરજીને પૂછી જોયું તો તેમણે ગ્રહોની ગણતરી કરીને

તરતજ જણાવ્યું કે "જરૂર જાઓ. માતા આનંદમયી તમને જરૂર મળશે. ગ્રહો બધા અનુકૂળ છે"

ત્યારે હવે શું કરવું? અવાજે તો જેને મળવાની ઈચ્છા છે તે મળશે નહીં એમ જણાવ્યું છે. પરંતુ મેં વિચાર્યું કે અનુકૂળતા છે તો આલ્મોડા જવામાં કશી હરકત નથી. માતા આનંદમયીનો મેળાપ કદાચ નહીં. થાય તોપણ આલ્મોડાના પર્વતીય પ્રદેશનું દર્શન તો થશેજ. મેં ઇશ્વરની મંગલમય કરૂણામાં વિશ્વાસ રાખીને આલ્મોડા પહોંચવા પ્રસ્થાન કર્યું.

કાઠગોદામથી પ્રારંભાયેલા પર્વતોના સુંદર ચિત્તાકર્ષક વિસ્તૃત પ્રવાસ પછી જ્યારે પર્વતમાળા પર વસેલા એકાંત સ્થળ આલ્મોડામાં પ્રવેશ્યો ત્યારે સાંજના ચારેક વાગેલા. શહેરથી એક માઇલ નીચે આવેલા પાતાળદેવી નામે સ્થાનમાં માતા આનંદમયીનો નાનો સરખો આશ્રમ હતો. આશ્રમના મુખ્ય અધ્યક્ષને મળ્યો. તેમના તરફથી જાણવા મળ્યું કે છેલ્લાં બે વર્ષથી માતા આનંદમયી બહારજ રહેતાં હતાં. એમનો આલ્મોડા આવવાનો કાર્યક્રમ નિશ્ચિત ન હતો. દેવપ્રયાગમાં સંભળાયેલો મારો અલૌકિક આત્મિક અવાજ આ રીતે મારા અસાધારણ આશ્ચર્ય વચ્ચે સાચો પડ્યો. યથાર્થ ઠર્યો.

એ વખતે માગસર મહિનો ચાલતો હતો. ઠંડી પુષ્કળ પ્રમાણમાં પડતી હતી. પાતાળ દેવી સુંદર સ્થળ છે. અહીં મને એક નાની ઉંમરના મૌન પાળતા પરિવ્રાજક મહાપુરુષનો પરિચય થયો. આશ્રમમાં પહોંચીને અમે બન્નેએ આશ્રમમાં રહેવાના પ્રબંધ વિષે પૂછયું. શરૂઆતમાં સંન્યાસી મહારાજે અમને સીધો ને સારો સંતોષકારક ઉત્તર ન આપ્યો. છેવટે મેં માતા આનંદમયીના પૂર્વ પરિચયની તથા અન્ય વાતો કરી, ત્યારે તે પીગળ્યા. એમણે અમારા શયન માટે ઉપર આશ્રમના હોલમાં વ્યવસ્થા કરી દીધી. જમવા માટે પણ



આમંત્રણ આપ્યું. ભારતના એકાંતવાસી આશ્રમના સંચાલક સર્વતંત્ર-સ્વતંત્ર સંન્યાસીઓની અને એમના આતિથ્યની અથવા માનવોચિત વ્યહવારની આ કેવી દશા! અમને સ્નેહથી સત્કારવાની વાત તો બાજુએ રહી, પરંતુ અજાણ્યા આગંતુકને જરૂરી માહિતી આપવા જેટલો વિવેક પણ એ નથી બતાવી શકતા. એનાથી અધિક આધ્યાત્મિક પતન બીજું કયું હોઇ શકે! માનવોચિત આદર્શ જીવન- વ્યવહાર એ આધ્યાત્મિક જીવનનો મેરૂદંડ છે. પરંતુ આવા વ્યવસ્થાપકો સાથે પણ પ્રેમ, શાંતિ તેમજ સદ્ભાવથીજ કામ લેવું પડશે.

પ્રેમની એ પવિત્ર રીતમાં અમે સફળ થયા. સંન્યાસી મહારાજે પ્રભાવિત થઈને અમારો સામાન્ય સત્કાર કર્યો.

વહેલી સવારે સન્યાસી મહારાજે અમારી પાસે આવી પહોંચીને મારી સાથેના સાધુને કહેવા લાગ્યા, "હવે આજે તો તમારે અહીંથી જવું જ જોઇએ. અહીં જમવાની સગવડ નહીં થઇ શકે." અમે એમનો આભાર માનીને ત્યાંથી તુરત જ નીકળી પડ્યા. આશ્રમમાં વધારે રહેવાનો કશો અર્થ ન હતો.

કાઠગોદામથી ટ્રેનમાં બેઠો ત્યારે એક ડબ્બામાં બેઠેલા સંતપુરુષનો પરિચય થયો. એ સંતપુરુષે સ્મિત કરીને શાંતિપૂર્વક જણાવ્યું, "તમારા પર માતા સરસ્વતીની કૃપા છે. એની કૃપાથી તમને કોઇ પ્રકારે આંચ નહીં આવે. તમે અત્યારે તમારા ઉત્તરાખંડના એકાંત આશ્રમમાં જઇ રહ્યા છો. તે સારૂં છે. એ સ્થળ સર્વ પ્રકારે અનુકૂળ છે."

સંતપુરુષના સ્વાભાવિક રીતે ઉચ્ચારાયેલા એ શબ્દો પરથી એમની અસાધારણ શક્તિનો સ્હેજ છતાં સ્પષ્ટ ખ્યાલ આવ્યો. મેં એમને મનોમન અને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા.

(ક્રમશઃ)

# અનોખી સહાય

ભાવનગરના ઉત્સાહી સાધક શ્રી નિરંજનભાઇ કાપડીઆએ અધ્યાત્મના જૂના અંકોના નીકાલ માટે પોતા તરફથી રૂા. ૧૦૧-૦૦ ની પ્રથમ સહાય આપીને એક નવી ઝૂંબેશના પ્રારંભને પ્રોત્સાહન આપ્યું છે.

અધ્યાત્મને સ્થપાયે પાંચ વર્ષ પૂરાં થયાં તે દરમ્યાન જૂના અંકોનો ભરાવો લગભગ ચારેક હજાર જેટલો છે. આ અંકો લાયબ્રેરીઓ, અન્ય સંસ્થાઓ કે વ્યક્તિઓને ફ્રી આપવાની વિચારણા ચાલી રહી હોવાનું તેઓને જણાવતાં, તેઓએ જણાવ્યું "ભલે, આવા અંકો આવી સંસ્થાઓ કે વ્યકિતઓને ફ્રી અપાય. પરંતુ અધ્યાત્મને તેથી આર્થિક ખોટ ન જવી જોઇએ. તે માટે મારા તરફથી આ સહાય હું આપુ છું. આપણે મારા જેવા રૂા. ૧૦૦/-ની આથિક સહાય આપે એવા ચાલીસ માણસોની જ જરૂર છે ને? હું પહેલ કરૂં છું. આવા ૪૦ દાતાઓ જરૂર મળી રહેશે."

શ્રી નિરંજનભાઇની ઉત્તમ ભાવનાની અમે કદર કરીએ છીએ.

—તંત્રી

* * *

## ભારતના નવા આજીવન સભ્યો

અધ્યાત્મના આજીવન સભ્યોમાં પ્રભુકૃપાથી ઉત્તરોત્તર ઝડપથી વધારો થઈ રહ્યો છે. તેમાંય ખાસ કરી અંબાજીમાં પૂ. શ્રીના જન્મદિનની ઉજવણી પ્રસંગે પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની હાકલના અનુસંધાનમાં પૂ. શ્રીના અધ્યાત્મ પ્રેમી ભકતો આ કાર્યમાં વિશેષ પ્રવૃત્ત થયા છે. તે સહુને તેમજ આજીવન સભ્ય થનાર ભાઇ બહેનોને અભિનંદન ઘટે છે. યાદી નીચે પ્રમાણે છે:-



૪૦૪ શ્રી વિઠ્ઠલભાઈ શામજીભાઇ પરમાર, સુરત. રૂા. ૨૫૧
૪૦૫ ,, ગોવિંદલાલ હિમ્મત શાહ, વડોદરા. રૂા. ૨૫૧
૪૦૬ ,, પ્રદીપ અમૃતલાલ ડેપ્યુટિ, સુરત. રૂા. ૨૫૧
૪૦૭ શ્રીમતી નિર્મળાબેન મોહનલાલ ટેલર, વડોદરા. રૂા. ૨૫૧
૪૦૮ શ્રી કેશવલાલ ગોબરભાઈ ગોંડલિયા, રાજકોટ. રૂા. ૨૫૧
૪૦૯ ,, ગોવિંદભાઇ બી. આરદેસલા, રાજકોટ. રૂા. ૨૫૧
૪૧૦ ,, છગનભાઇ ભોરણીયા, રાજકોટ. રૂા ૨૫૧
૪૧૧ ,, નરસિંહભાઇ જેરાજભાઈ પાનસરા, સરદારગઢ. રૂા. ૨૫૧
૪૧૨ ,, જયંતકુમાર બી. મોદી, સુરત. રૂા ૨૫૧
૪૧૩ ,, સુશીલાબેન સત્યવતી કાપડીઆ, સુરત. રૂા. ૨૫૧
૪૧૪ ,, પ્રો. ટી. જી. ભટ્ટ, સુરત. રૂા. ૨૫૧
૪૧૫ ,, રત્નાકરભાઈ ડી શીનોઇ, સુરત. રૂા. ૨૫૧
૪૧૬ ,, ડૉ. જી. એન. પટેલ, સુરત. રૂા. ૨૫૧
૪૧૭ ,, હેમલતાબેન ભોગીલાલ કણિયા, સુરત, રૂા. ૨૫૧
૪૧૮ ,, પ્રભાબેન ગોવિંદજી પટેલ, સુરત, રૂા. ૨૫૧
૪૧૯ ,, વસંતભાઈ બી પંચાલ, કામરેજ. રૂા. ૨૫૧
૪૨૦ ,, તૃપ્તિબેન શૈલેષકુમાર દવે, અમદાવાદ. રૂા. ૨૫૧
૪૨૧ ,, માલતીબેન શ્યામરાવ એકબોટે, વડોદરા. રૂા. ૨૫૧
૪૨૨ ,, ઠાકોરભાઇ છગનલાલ જંબુસરિયા, વડોદરા. રૂા. ૨૫૧
૪૨૪ ,, નેનુમલ કિશોરદાસ, વડોદરા. રૂા. ૨૫૧
૪૨૪ ,, જિલ્લા સરકારી પુસ્તકાલય, ગાંધીનગર. (શ્રીનરેન્દ્રભાઈ ઠાકર તરફથી) રૂા. ૨૫૧
૪૨૫ ,, પ્રકાશ હરગોવિંદભાઇ ભટ્ટ, મુંબઇ. રૂા. ૨૫૧
૪૨૬ ડૉ. પ્રકાશ વી. કોટેચા, મોરબી. રૂા. ૨૫૧

૪૨૭ હેમુભાઇ આર. કોટેચા, મોરબી રૂા. ૨૫૧
૪૨૮ જીવરાજભાઈ જે. રૈયાણી, મોરબી રૂા. ૨૫૧
૪૨૯ ભાનુમતી ત્રિકમજી કોટક, મોરબી રૂા. ૨૫૧
૪૩૦ વિજ્યાબેન મૂળશંકર જાની, મોરબી રૂા. ૨૫૧
૪૩૧ ત્રિવેણીબેન વિશ્વનાથ દવે, મોરબી રૂા. ૨૫૧
૪૩૨ રાજેન્દ્રકુમાર એન. ઠાકોર, મોરબી રૂા. ૨૫૧
૪૩૩ દ્વારકાદાસ ઓધવજી શ્રોફ, મોરબી રૂા. ૨૫૧
૪૩૪ ભાનુશંકર ડી. રાવલ, મોરબી રૂા. ૨૫૧
૪૩૫ કાંતિલાલ ડી. પટેલ, મોરબી રૂા. ૨૫૧
૪૩૬ કનકરાય અનંતરાય શુકલ, મોરબી રૂા. ૨૫૧
૪૩૭ ચમનલાલ ડાયાલાલ ભટ્ટ, મોરબી રૂા. ૨૫૧
૪૩૮ અમૃતલાલ ચુનીલાલ પરમાર, મોરબી રૂા. ૨૫૧
૪૩૯ જયેશ અમૃતલાલ ડી. ચૌહાણ, મોરબી રૂા. ૨૫૧
૪૪૦ શ્રીઅતુલ મનુભાઇ આસર, મોરબી. રૂા. ૨૫૧
૪૪૧ શ્રી શશીકાન્ત એમ કોન્ટ્રેકટર, વલસાડ રૂા. ૨૫૧

## પરદેશના આજીવન સભ્ય.

71. Ramanbhai C. Patel, North Bergen, U. S. A Rs. 1501
(હા. શ્રી વિનોદભાઈ પટેલ યુ. એસ. એ.)

## લવાજમ મોકલાવો

જે ગ્રાહકોને ૧૯૮૩ના ઓકટોબરથી અધ્યાત્મ મળ્યાં છે તેઓનું લવાજમ સપ્ટે. ૮૪માં પૂરૂં થઇ ગયું છે. તે સહુ ગ્રાહકોને પોતાના લવાજમ તાત્કાલિક **નારાયણ હ જાની, તંત્રી** અધ્યાત્મ, પ્લોટ નં. ૧૬૮૮બી. સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧ને **મનીઓર્ડરથી** મોકલાવી આપવા વિનંતી છે.



મુંબઇ, સુરત, વડોદરા, મોરબી, રાજકોટ, પાલનપુર, ભાવનગર, વગેરે શહેરોમાં જેઓ ત્યાંના ધ્યાનકેન્દ્રો મારફત ગ્રાહક થયા હોય, તેમને જે તે ધ્યાન કેન્દ્ર મારફત જો લવાજમ ન ભર્યું હોય તો તુરતજ લવાજમ ભરી દેવા વિનંતી છે. જેથી એમને ઓકટો. ૮૪નો અંક મળી શકે.

મોડા ગ્રાહક થનારને ઓકટો. ૮૪નો અંક ન મળવા સંભવ છે. તેની નોંધ લેવા વિનંતી.

## * સદ્‌ભાવભરી ભેટ *

અધ્યાત્મને વાંચકો પ્રેમપૂર્વક સદ્‌ભાવભરી ભેટ મોકલતા રહે છે. છેલ્લે મળેલી ભેટની વિગતો નીચે પ્રમાણે છે.

રૂા. ૫૧ ચિ. ધ્રુવકુમારના જન્મ પ્રસંગે, શ્રી જયશ્રીબેન કલોલા તરફથી.
રૂા ૭૦ એક બહેન તરફથી.
રૂા. ૧૫ શ્રી દીપકભાઇ પી. ત્રિવેદીના જન્મદિન નિમિત્તે તેમજ તેમને આઇ. પી સી. એલ. વડોદરામાં ટેકનીકલ એપ્રેન્ટીસશીપ મળતાં.
રૂા. ૨૫ શ્રીમતી સુશીલાબેન ઠાકોર તરફથી પૌત્રી યોગેશ્વરીના જન્મદિન નિમિત્તે.
રૂા. ૨૫૦ શ્રી ભૂપતભાઇ દેસાઇ, સર્વોદય ટ્રસ્ટ તરફથી.
રૂા ૨૧ શ્રી ભરતકુમાર જી. શાહના જન્મદિન નિમિત્તે.
રૂા ૫૦ શ્રી કિરીટભાઇ જી. ભકતના જન્મદિન નિમિત્તે. બેન ભારતી તરફથી.
રૂા. ૧૦૧ શ્રી હરેન્દ્રભાઇ બારડોલી, તરફથી શક્તિદર્શન નિમિત્તે.

( અનુસંધાન પાના ૧૫ ઉપર )

## માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ નિમિત્તે મળેલી સહાય

યાત્રાધામ અંબાજી ખાતે માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહના નિમિત્તે છેલ્લે મળેલ ફાળાની રકમ નીચે પ્રમાણે છે.

રૂા. ૧૦૦૧ શ્રી નરેન્દ્રભાઇ ન. ઠાકર, અમદાવાદ
રૂા. ૧૦૦૧ સુરતનાં એક બહેન તરફથી
રૂા. ૧૫૦૦ શ્રી રાજેશ કોર્પોરેશન, અમદાવાદ
રૂા. ૧૦૦૧ શ્રી ધનસુખભાઈ સ. પટેલ તથા કૈલાસબેન પટેલ તરફથી સ્વ. અમથાભાઈ સી. પટેલના સ્મરણાર્થે
રૂા. ૧૦૧ શ્રી ગોવિંદભાઇ એચ. ઝવેરી, સુરત.

## અધ્યાત્મ માટે અવનવા સમાચાર

* તા. ૧૮-૯-૮૪ના રોજ વડોદરા ખાતે શ્રીજીતુભાઈ ગાંધીને ત્યાં પૂ. માશ્રી સર્વેશ્વરીએ ધૂનનો કાર્યક્રમ રાખેલો. તે પ્રસંગે, જે લોકો સાધનસંપન્ન છે અને અધ્યાત્મના આજીવન સભ્ય છે, તેમને શ્રીજીતુભાઇ ગાંધીએ સહાયક પેટ્રન થવા સમજાવ્યા. પરિણામે ત્રણ ભાઈઓ આજીવન સભ્યમાંથી સહાયક પેટ્રન બન્યા. તે સહુને અભિનંદન.

* સુરતના યુવાન સાધક હિમાંશુ પાઠકે પોતાની ૨૧મી વર્ષગાંઠ નિમિત્તે ૨૧ ગ્રાહકો નવા નોંધવાનો સંકલ્પ કરેલો. તેને બદલે તેઓએ હવે ૮૫ જેટલા નવા ગ્રાહકો નોંધવાનો સંકલ્પ કર્યો છે. અત્યાર સુધીમાં તેઓએ ૮૦ ઉપર ગ્રાહકો નોંધી લીધા છે. કેવું સરસ કહેવાય!

* મુંબઇના પ્રેરણાબેન જાનીએ અત્યાર સુધીમાં ૨૪ ગ્રાહકો નોંધ્યા છે. શ્રી વિપુલભાઈ જાની તેમજ શ્રી હરગોવિંદભાઈ



ભટ્ટ પણ મુંબઇથી ૫૦-૫૦ ઉપરાંત ગ્રાહકો દર વર્ષે નોંધે છે. તે સહુને અભિનંદન.

શ્રી હરીશભાઈ કોન્ટ્રેકટર, વલ્લભવિદ્યાનગર પણ ઉત્સાહપૂર્વક અધ્યાત્મના ગ્રાહકો નોંધવાનું કામ કરે છે. અત્યાર સુધીમાં ૩૦ જેટલા ગ્રાહકો નોંધ્યા છે.

આ ઉપરાંત શ્રી રમેશભાઈ પટેલે ૨૬ ગ્રાહકો ને સાત લાઇફ મેમ્બર, શ્રી અજય કલોલાએ ૧૫ ગ્રાહકો ને ચાર આજીવન સભ્યો, શ્રી વિનોદભાઇ કે. સોલંકીએ ૧૯ ગ્રાહકો નોંધ્યા છે. આ સહુના પ્રયાસો પ્રશસ્ય છે.

આ સિવાય જેઓએ છેલ્લે દસ દસ ગ્રાહકો નોંધ્યા છે તેઓનાં નામ નીચે પ્રમાણે છે.

શ્રી ઉત્તમભાઇ દૂધવાલા, સુરત. શ્રી અશોકભાઇ રા. પટેલ, સુરત. શ્રી દુર્લભભાઈ પટેલ, સુરત. શ્રીમતી નિર્મળાબેન ટેલર, વડોદરા. (તેઓ આજીવન સભ્ય પણ બન્યાં છે), શ્રી નિમેશ મહેતા, કડીઆદરા. શ્રી ગોરધનભાઇ કલોલા, મોરબી. શ્રી નિલેશ ડી. દવે, શ્રી લીલાબેન કાકા અને ગાયત્રી બેન જોષી વડોદરા ને આશાબેન ભક્ત, વાવ.

ભાવનગરના ઉત્સાહી સાધક શ્રી વિઠ્ઠલભાઈ ગોહિલે અત્યાર સુધીમાં ૬૪ ગ્રાહકો ને એક આજીવન સભ્ય નોંધ્યા છે.

રાજકોટના શ્રી વિજયભાઈ કનેરિયાએ પણ ૩૧ જેટલા ગ્રાહકો નોંધ્યા છે. કેવો સરસ ઉત્સાહ !

શ્રી શાન્તિભાઇ કનેરિયા પૂ. શ્રી તેમજ પૂ. માના અનન્ય ભક્ત છે. તેઓએ અધ્યાત્મની શરૂઆતથી જ પોતાની જાહેરખબર કાયમ માટે આપવાનો સંકલ્પ કરેલો છે. એજ

રીતે ભાવનગરના શ્રી ગિરધરભાઇ શામજીભાઇ ફુટવેરવાળાએ પણ બારેમાસ જાહેરખબર આપવા જણાવેલું છે. એ ભાઇ-ઓના સહકાર બદલ ખૂબ આભારી છીએ.

## સુધારો

૫ પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહને મળેલ સહાય-ની યાદી જે સપ્ટે. ૮૪ના અંકમાં પાના નં. ૫૯ ઉપર છપાઇ છે, તેમાં નીચે પ્રમાણે સુધારો વાંચવો.

૧. રૂા. ૧૦૦૧ શ્રી ચીમનલાલ શંકરદાસ સોરઠિયાને બદલે શ્રી ચીમનલાલ ઠાકોરદાસ મહેતા વાંચવું તેમજ છગન-લાલ સોરઠિયાના રૂા. ૧૦૦૦ ને બદલે રૂા. ૧૦૦૧ વાંચવા.

૨. તેજ પાના ઉપર રૂા. ૫૦૦૧ શ્રી રાવજીભાઇ મોહનભાઇ પટેલ છપાયેલ છે, તેને બદલે શ્રી રાવજીભાઇ મોતીભાઇ પટેલ તેમજ શ્રીમતી લલીતાબેન રાવજીભાઇ વાંચવું.

૩. પરદેશના જે નવા આજીવન સભ્ય The Hindy Community Centre સપ્ટે. ૮૪ માં નોંધાયેલ છે, તે ભાઈશ્રી વિનોદભાઇ પટેલ, ન્યુ જર્સી તરફથી નોંધાયેલ છે.

૪. સપ્ટે. ૮૪ના અંકના પાના નં–૭ ઉપર શ્રીમતી મનીષા પી. પટેલ તરફથી મળેલ ભેટની રકમ રૂા. ૧૬૫–૦૦ વાંચવી તેમજ શ્રી વિઠ્ઠલભાઇ કે. પટેલના પુત્રની રકમ રૂા. ૨૧ નહિ, પણ રૂા. ૫૧ વાંચવી.

*——*



# પ્રશ્નોત્તરી

યોગેશ્વરજી.

## ધ્યાનની સાધના

પ્રશ્નઃ–ધ્યાનની સાધના સંસારમાં ક્યારથી ચાલી આવે છે ?

ઉત્તરઃ–એને માટેની કોઇ ચોક્કસ સુનિશ્ચિત સમય-મર્યાદાને નક્કી કરવાનું કે દર્શાવવાનું કઠિન છે, અશક્ય જેવું છે; એવું કહીએ તોપણ ચાલે. પરમાત્માનો દિવ્ય સાક્ષાત્કાર કરવાની ઈચ્છાવાળા માનવે એ ઇચ્છાને સંતોષવા માટે ધ્યાન-ની સરળ, શાંત, અંતરંગ સાધનાનો આધાર લીધેલો. એ આરાધના અથવા સાધનાનો નિર્દેશ વેદકાળમાં પણ મળી આવે છે. શ્વેતાશ્વેતર ઉપનિષદમાં અને અન્યત્ર એનું વર્ણન કરવા-માં આવ્યું છે. શિવપુરાણ, યોગવસિષ્ઠ, પાતંજલ યોગદર્શન અને ભગવદ્ગીતા જેવા ગ્રંથ રત્નોમાં પણ તેની સારગર્ભિત સવિસ્તર સમાલોચના કરવામાં આવી છે. એ ગ્રંથરત્નો પરથી પ્રતીતિ થાય છે કે ધ્યાનની સાધનાનો આરંભ પ્રાગૈતિહાસિક અથવા વેદકાળના સમયથી થયેલો છે. એનાં મૂળિયાં ધાર્યા કરતાં ઘણાં ઊંડા છે.

એક બીજી મહત્ત્વની વાત તરફ તમારૂં ધ્યાન દોરૂં. ધ્યાનની સાધના માનવમાત્રને માટે અસાધારણ અમૂલ્ય ને આશીર્વાદરૂપ છે. એ સાધના સંસારમાં ક્યારથી ચાલી આવે છે, એની માહિતી મેળવવાનું કદાચ જીજ્ઞાસાવૃત્તિને સંતો-ષવા માટે સારૂં હશે, તોપણ એવી માહિતી માટેના પ્રયત્નો-

ની પાછળ વિશેષ વખત વીતાવવાનું બરાબર નથી. એને બદલે એની ઉપકારકતા કે કલ્યાણકારકતા પ્રત્યે જેટલું પણ ધ્યાન કેંદ્રિત કરવામાં આવે એટલું ઓછું છે. એથી મહત્ત્વનો લાભ થઇ શકશે. ધ્યાનની સાધના ગમે તેટલી પ્રાચીન અથવા અર્વાચીન હોય તોપણ સૌ કોઇને માટે શ્રેય-સ્કર છે. આપણે મન એનું મહત્ત્વ વધારે છે.

પ્રશ્ન:–ધ્યાનની સાધના સહુ કોઈ માટે શ્રેયસ્કર છે કે આત્મોન્નતિના માર્ગે આગળ વધવા માંગતા ગણ્યા ગાંઠ્યા વિરલ સાધકો માટે ?

ઉત્તર:–ધ્યાનની સાધના માનવ માત્રને માટે ઉપયોગી ને શ્રેયસ્કર છે. આત્મોન્નતિના માર્ગે આગળ વધવા માંગતા ગણ્યા ગાંઠ્યા સાધકો માટે તો તે ઉપયોગી છેજ, પરંતુ કેવળ એમને માટેજ ઉપયોગી છે એમ માનવું ભૂલભરેલું છે.

પ્રશ્ન: સામાન્ય માનવોને ધ્યાનની સાધનાથી શો લાભ થાય ?

ઉત્તર: સંસારના કોઇ પણ ક્ષેત્રમાં કામ કરનાર માણસ-ને માટે સારા માઠા, ઉત્તેજના ને ઉશ્કેરાટ કરનારા પ્રસંગો તો આવવાનાજ. આ બધા ઉશ્કેરાટ, ઉત્તેજના અથવા આવેગોને લીધે મન અશાંતિનો અનુભવ પણ કરવાનું. તેમાંથી તેને સ્વસ્થ અને શાંત રાખવા માટે ધ્યાન સિવાય બીજી કોઈ સરળ, સહજ ને નિર્દોષ પદ્ધતિ નથી. વ્યવહારનું વિપરીત વાતાવરણ કેટલીકવાર સામાન્ય માનવના મનને વિચલિત અથવા અસ્વસ્થ બનાવી દે છે. એથી પ્રભાવિત થઈને એ અહંતા, મમતા, આસક્તિ, કામ-ક્રોધ તથા રાગદ્વેષનો



શિકાર બને છે. ધ્યાનની અંતરંગ સાધના એવી અસ્વસ્થતા-માં અને અનેકવિધ દોષોમાંથી મુકિત આપે છે. એથી જીવનની વિશુદ્ધિની પ્રેરણા મળે છે, અને ચિત્તતંત્રને આરામ પહોંચે છે, સામાન્ય રીતે માનવ પોતાના જીવનમાં સુખશાંતિ-ની અથવા સ્વાત્મસંતોષની ઇચ્છા રાખે છે. એ ઇચ્છા એવી મહામૂલ્યવાન મદદથી પૂરી થાય છે. ધ્યાનના અભ્યાસથી મન હળવું બને છે. ઉંડો અસાધારણ આરામ મળે છે; વિચારશક્તિ વધે છે, અને સ્મૃતિ બળવાન બને છે. એને લીધે વ્યાવહારિક કર્તવ્યોનું અનુષ્ઠાન અથવા પરિપાલન વધારે સારી રીતે થઈ શકે છે. એટલે સામાન્ય માનવોએ પણ ધ્યાનના અભ્યાસની અભિરૂચિને જગાવવી ને વધારવી જોઈએ. એથી કદાચ જલદી લાભ થયેલો નહિ દેખાય તો પણ હાનિ તો નહિ જ થાય.

માનસિક તનાવની પરિસ્થિતિમાં, ધ્યાનનો આધાર લેવાથી, મન શાંત બની આરામ અનુભવે છે. હાઇ બ્લડ પ્રેસર વાળી વ્યકિતને તનાવ (Tension) ઘટવાથી રાહતનો અનુભવ થાય છે.

પ્રશ્ન: સામાન્ય રીતે ધ્યાનનો ઓછામાં ઓછો સમય કેટલો હોવો જોઇએ.

ઉત્તર: ઓછામાં ઓછો સમય સવારે ને સાંજે અડધા અડધા કલાકનો હોવો જોઈએ.

પ્રશ્ન: અને વધારે ને વધારે સમય!

ઉત્તર: જેટલો પણ કાઢી શકાય એટલો. એક વાત ચોકકસ છે કે ધ્યાનની સાધનાનાં મહત્વનાં મનોવાંચ્છિત લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે એનો સુદીર્ઘ સમયપર્યંત નિયમિત રીતે

ઉત્સાહ, ધીરજ, ખંત સાથે આધાર લેવો જોઇએ. અને રોજની દિનચર્યાનું એક અગત્યનું અનિવાર્ય અંગ બનાવી દેવું જોઇએ. એવું કરવામાં આવે તો અધિક અને વિશેષ લાભ થઇ શકે.

મનુષ્ય જીવનનું એક માત્ર ધ્યેય ઇશ્વર પ્રાપ્તિનું છે.
રામકૃષ્ણ પરમહંસ

IS:10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિચાઇ માટે વિશ્વાસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨



# રામકથા

[મહાત્મા શ્રીયોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા]

યોગેશ્વરજી

ઉર્મિલાનું અંતર પોતાના લગ્નના નવા સમાચાર સાંભળીને થનગની રહ્યું. સીતાનું હૈયું પણ હરખઘેલું બની ગયું.

બંને બેનોનો સાથ અતૂટ રહેશે એ વિચારથી બંને આનંદી ઉઠી. સીતાએ કહ્યું. 'મારું લગ્નતો સ્વયંવરને પરિણામે થશે. પરંતુ તારે સ્વયંવરની જરુર ના પડી તું એટલી વિશેષ ભાગ્યશાળી.'

'આપણે ચારેબેનો ભાગ્યશાળીજ છીએને?' ઉર્મિલાએ ઉદ્ગાર કાઢ્યા. બાકી મારું લગ્ન સ્વયંવરને પરિણામે નથી થવાનું એવું કેમ કહી શકાય? તારો સ્વયંવર બહારનો હતો અને મારો અંદરનો અને સાચું કહીએ તો એવું પણ ના કહી શકાય કારણ કે તારો સ્વયંવર પણ કાંઇ એકલો બહારનો ન હતો. બહારની સાથે સાથે એ અંદર પણ ચાલી રહ્યો હતો.

ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ચારે ભાઈઓના લગ્નનું મંગળ કાર્ય પૂરું કરવામાં આવ્યું.

રામનું સીતા સાથે. લક્ષ્મણનું ઉર્મિલા સાથે, ભરતનું માંડવી સાથે ને શત્રુઘ્નનુ શ્રુતકીર્તિ સાથે વિધિપૂર્વક થયેલું. લગ્ન મિથિલા અને અયોધ્યાપુરીની પ્રજાને સાંધનારા સેતુરૂપ હતું.

મિથિલાની સઘળી પ્રજાએ એ અવસર પર અસાધારણ ઉત્સવ કર્યો. રાજા દશરથ તથા જનકનાં જીવન ધન્ય બન્યાં.

પુરોહિત શતાનંદે સ્વસ્તિ વચન ઉચ્ચાર્યાં.

મહર્ષિ વિશ્વામિત્ર ને વસિષ્ઠે નવ પરિણીત દંપતીને અંતરના આશીર્વાદ આપીને કૃતાર્થ કર્યા.

એ અવસર પર અનુપમ ઐશ્વર્યનું જે પ્રદર્શન કરવામાં આવ્યું અને જે દાન થયું તે અવર્ણનીય હતું.

દેવતાઓ ને સ્વયં કુબેર પણ એને વિલોકીને વિસ્મયમાં પડે તેમ હતું. બંને પક્ષો એકમેકનો પ્રેમ જોઈને પરિતૃપ્ત થયા.

એમનો પારસ્પરિક પ્રેમ વધી ગયો ને પ્રબળ બન્યો.

## મિથિલાની વિદાય

લગ્નના એ અલૌકિક અવસરે સૌને આનંદ આપ્યો. સૌને થયું કે જે સર્વોત્તમ હતું એજ થઇ ગયું. આનાથી અધિક ઉત્તમ બીજું કાંઇએ ના થાત. આનાથી ઊલટું થયું હોત તોજ અમંગલ અને અસુખકારક થઇ પડત. લગ્નના એ આનંદાયક અવસર નિમિત્તે મિથિલા નગરીમાં દિવસો સુધી ઉત્સવ છવાઇ રહ્યો. આખાયે નગરમાં જાણેકે અમરાપુરીનું અવતરણ થયું. જનકનો આગ્રહ અને પ્રેમ અગાઢ હતો. રાજા દશરથ પોતાના પ્રસ્થાનની વાત કરતા તો જનક એને લક્ષમાં ના લેતા. ને એક યા બીજું બહાનું કાઢીને ટાળતા રહેતા અને જનકના અતિશય આગ્રહ આગળ દશરથ નમી પડતા તથા પોતાનો રહેવાનો વખત લંબાવતા જતા. એમ કરતાં કરતાં પખવાડિયું પૂરું થયું.

મિથિલા નગરીમાં સૌ કોઈના આનંદની અવધિ ન હતી. સૌને કોઇને કોઈ દુર્લભ પદાર્થની પ્રાપ્તિ થઇ હોય એવું લાગ્યા કરતું. લોકો પ્રસંગ પડતાં જુદે જુદે ઠેકાણે ટોળેવળીને ઉલ્લાસ પૂર્વક એની એજ વાતો કરતા. પરંતુ એક યુવક એવો હતો જેના અંતરમાં બિલકુલ આનંદ ન હતો. એ ખૂબજ ઉદાસ રહેતો. એના દિલમાં ડંખ હતો, વેદના હતી, અને અસંતોષની જ્વાળા સળગતી હતી. લગ્નનો વીતેલો પ્રસંગ એને જરાપણ પસંદ ન હતો. એ હતો નિષ્કામ. એક દિવસ સાંજે મનોબળને મજબૂત કરીને તથા હિંમત એકઠી કરીને એ ઉર્મિલાની પાસે આવી પહોંચ્યો ને બોલ્યો: 'તારા



લગ્નને માટે તને અભિનંદન આપું છું. ઉર્મિલાને એના આગમનથી આશ્ચર્ય તો થયુંજ. એનું આગમન એને ખાસ ગમ્યું પણ નહિ. છતાં પણ પોતાના મનોભાવને દબાવીને ઉપર ઉપરની પ્રસન્નતા બતાવતાં એ બોલી:

'મને સાચોસાચ અભિનંદન આપે છે ? અંતરથી ?'

'અંતરથી તો નહિ પરંતુ ઉપર ઉપરથી. એક પ્રથાને પાળવા ખાતર. શિષ્ટાચારને અનુસરીને. બાકી અંતરથી તો અભિનંદન કેવી રીતે આપી શકું ?'

'ઉપર ઉપરથી મન ના માનતું હોય તો પણ અભિનંદન આપવાનો શો અર્થ છે ?' અર્થ હોય કે ના હોય તો પણ મને થયું કે ચાલો, અભિનંદનને નામે મળી આવું.' ઉર્મિલા કાંઇ બોલી નહિ ને શાંત રહી એટલે નિષ્કામે વાતને આગળ વધારવા પૂછ્યું : 'હવે તો તને શાંતિ છે ને ?'

'પહેલાં પણ શાંતિ જ હતી. અશાંતિ હતી જ ક્યારે ?'

'છતાં પણ હવે તો વધારે શાંતિ ને વધારે આનંદનો અનુભવ થતો હશે. લક્ષ્મણ સાથે તારું લગ્ન થયું એટલે શાંતિ અથવા આનંદની કમી ક્યાંથી હોય ? લક્ષ્મણ સાથેના લગ્નને તો તે વધાવી લીધું હશે કારણકે એ તો રાજા દશરથનો પુત્ર છે. હું કાંઈ રાજપુત્ર છું ? હું તો પુરોહિત પુત્ર કહેવાઉં ખરું ને ?'

'જો નિષ્કામ, તું પુરોહિત પુત્ર છે કે રાજપુત્ર તેનું મહત્વ મારે મન જરાપણ નથી. હું તો માણસની લાયકાતનોજ વિચાર કરું છું. ને લગ્નના સંબંધમાં તો મેં તને કહ્યું' તુંજ કે જેને માટે મારું મન ના માનતું હોય તેનો મારાથી વિચાર પણ ના કરી શકાય. મારા વિચારો મેં તને સાફ શબ્દોમાં જણાવી દીધા છે.'

'એ વિચારો જ તને એક દિવસ દુઃખી કરશે, તપાવશે કે રડાવશે.

'કેમ ? એવું અમંગલ કેમ બોલ્યો ? તું મને અભિનંદન આપવા આવ્યો છે તે ભૂલી ગયો ?'

'તને મારી વાણી અમંગલ લાગે છે, પરંતુ હું અમંગલ નથી બોલ્યો પણ સાચું બોલ્યો છું. તું રાજકુટુંબને જોઇને મોહાઈ છે પરંતુ તને ખબર નથી કે રાજકુટુંબ તો ફક્ત બહારથી જોતાંજ આકર્ષક હોય છે. અંદર ખાનેથી તો એમાં અવ્યવસ્થા, સ્પર્ધા અને અસૂયા તથા અશાંતિ વિના બીજું કાંઇજ નથી હોતું.

'તારો અનુભવ કદાચ એવો હશે, પણ મારો અનુભવ એથી ઉલટો છે.'

નિષ્કામ જરા ઉત્તેજિત થઈને બોલ્યોઃ તારો અનુભવ તો બધી બાબતોમાં ઉલટો જ રહેવાનો. મારી સાથે તું મળતી નહીં થવાની તેની મને ખબર છે છતાં પણ રાજકુટુંબમાં રહીને તને મેં કહ્યું તેવોજ અનુભવ થવાનો. તું ધારતી હશે એટલો અને એવો આનંદ તને નહિજ મળવાનો. તારો આજ સુધીનો અનુભવ ગમે તેવો હશે, પરંતુ હું પણ એક પવિત્ર પુરોહિત પુત્ર હોવાથી મારા વચનો મિથ્યા નહિ જ જવાનાં.

'અધુરો રહેલો શાપ તું પૂરો કરી રહ્યો છે કે શું ?'

'તું ભલે એમ સમજ. મારા શબ્દોને ગમે તે રીતે ઘટાવવાની તને છૂટ છે. મારા અંતરમાં તારા લગ્નના સમાચાર સાંભળ્યા છે ત્યારથી દુઃખ છે, અવ્યવસ્થા છે, અને અશાંતિ છે, મને કયાંય ગમતું નથી. ને મારું મન કશામાં નથી લાગતું.'

ઉર્મિલા હસીને બોલી : 'તારી પોતાની પરિસ્થિતિ એવી છે. એટલે અયોધ્યાના રાજકુટુંબમાં પણ એવીજ અશાંતિ અને અવ્યવસ્થા હોવાની કલ્પના તેં કરી લીધી છે. પણ તારી એ કલ્પના નિરર્થક છે, અને તારા પોતાનાજ અંતરનો પડઘો પાડે છે.' 'તારા એ શબ્દો સાથે સંમત થવાનું અશકય છે.' 'છતાં પણ એ શબ્દો સાચા છે.'



'તને જેટલું સાચું લાગે છે એટલું બધુંજ સાચું જ છે કે સાચું હોય એવું થોડું છે? પરંતુ એ વાતને જવા દે. મને એક બીજી વાતનું સ્મરણ થાય છે'

ઉર્મિલા જરાક અટકી પડી એટલે નિષ્કામ કહેવા માંડ્યાઃ 'મારા અંતરની આજની અવસ્થા શું તારા પ્રેમની પ્રબળતા વિના થઇ છે? મને તારા પ્રત્યે અપાર પ્રેમ અને ઉંડી લાગણી છે એ હકીકતનો સ્વીકાર તો તારે પણ કરવો પડશે.' છતાં પણ એ લાગણી કે પ્રેમનો પ્રવાહ યોગ્ય દિશામાં નથી રહ્યો પરંતુ ભળતી દિશામાં જઇ રહ્યો છે. એ પ્રેમ નથી પણ મોહ છે. એને લક્ષમાં લઈનેજ મારે તને એક ભલામણ કરવાની છે કે તું હવે લગ્ન કરીલે. કોઇક સારી કન્યાને પસંદ કરી લે. તો તારું મન ઠીક થઇ જશે. મારી એક વખતની પસંદગી તો કામ ના લાગી ! છતાં પણ...હવે તો મારું હૃદય તૂટી ગયું છે નિરાશ બન્યું છે.'

'એતો લાગણી જ્યારે વિવેક વગરની હોય ત્યારે એ સંતોષાય નહિ ત્યારે આરંભમાં એવું જ લાગે છે પરંતુ પછીથી તૂટેલું લાગતું હૃદય પણ સંધાઈ જાય છે, નિરાશા આશામાં પલટાય છે, ને માણસનું અંતર નવી પલટાયેલી પરિસ્થિતિને અનુકુળ થાય છે. વૈરાગ્યનું સ્થાન રાગ લે છે, ને જીવન ફરી પાછું મધુર સ્વરે વહેવા માંડે છે.'

નિષ્કામ જુદાજ વિચારોમાંથી જાગતો હોય તેમ બોલ્યો : 'મારે લગ્ન કરવું હશે તો પણ તે માટે કાંઇ તારી અનુજ્ઞા લેવા નહિ આવું.'

'એ તો જાણું છું.' ઉર્મિલા બોલી : 'પણ લગ્નના સમાચાર તો મોકલીશ ને?'

'સમાચાર પણ શા માટે મોકલું ? એતો લગ્ન થશે ત્યારે આપો આપ જણાશે મારા લગ્નનું ઠેકાણુંજ કયાં છે? આ તો તારું

લગ્ન તારી મનપસંદ રીતે થયું છે એટલે એના આનંદના આંતરિકમાં તું મારી ઠેકડી કરતી લાગે છે. પરંતુ તારો આનંદ લાંબો વખત નહિ ટકે'.

'ભલે, તું મારે માટે ગમે તેવી અશુભ ભાવના પ્રકટ કરે તો પણ મારા મુખમાંથી તારે માટે ખરાબ શબ્દ નહિ નીકળે. હું તો ગમે ત્યાં હોઈશ તો પણ તારી લાગણીને લીધે તારું સારું જ ચાહીશ. ઈશ્વર તારું સર્વ પ્રકારે સારું કરે ને તને સંપૂર્ણ શાંતિ તથા આનંદ ધરે.

'મને સંપૂર્ણ શાંતિ, સુખ અને આનંદ આપવા તો તારે મારી થવાની આવશ્યકતા હતી, ઉર્મિલા !'

'એ દિવાસ્વપ્ન તો હવે તૂટી ગયું ને ? હવે શું ?

'છતાં પણ એનો નશો નથી તૂટયો.'

'કાળ એને પણ ક્રમે ક્રમે તોડી નાખશે, ત્યારે તને સાચું સમજાશે ને તું સુખી થશે. તારા મારી સાથેના વર્તનને માટે તે વખતે કદાચ તને પ્રશ્ચાતાપ પણ થયા કરશે.'

'એવી નિરર્થક, આધાર વિનાની આશા ના રાખતી. તારા મુખમાંથી જે શબ્દો નિકળ્યા છે તે સાચું કહેતાં તો તને જ લાગુ પડે છે ને લાગુ પડવા જોઈએ. ભવિષ્યમાં તને પોતાને જ જ્યારે સાચું સમજાશે ત્યારે મને અન્યાય કરવા માટે તને પશ્ચાતાપ થશે. એ વખતે, મને તો એ વાતનો પૂરેપૂરો સંભવ લાગે છે. કે તું મારી માફી પણ માગશે.' (ક્રમશઃ)

The Space of this page is donated with Compliments by:

**Magirsha Industries**

C. 31A, Saradar Sahakari Udyog Nagar

Ajava Road, BARODA-19



# મારી દષ્ટિએ મહાત્માશ્રી યોગેશ્વરજી

સ્વ. પ્રપન્નલાલ કાજી

ઉત્તર હિંદુસ્તાનના પ્રમાણમાં ગુજરાતમાં ઘણા ઓછા સંત સન્યાસી અને સિદ્ધ પામ્યા છે.

પૂ. યોગેશ્વરજી ચારે આશ્રમથી વધુ પ્રગતિ સાધીને પાંચમો આશ્રમ ઋષિનો છે તે કક્ષાએ એઓ ઋષિ છે. એ જાતેજ આશ્રમ જેવી સંસ્થા છે. અને અધ્યાત્મની યુનિવર્સિટી છે. જ્યાં જાય છે ત્યાં પ્રકાશ, શાંતિ, જ્ઞાન અને આનંદનું પ્રસારણ કરી અદ્ભુત ઉંડા અધ્યાત્મનું વાતાવરણ સર્જે છે. સર્વેશ્વરી માતા જગદંબા સ્વરૂપે એમની છાયા કાયમ એમના પર કરે છે. અને અન્યોઅન્યને પૂર્ણ રીતે સહાયભૂત બને છે.

એમની ભાષા પરની પકડ અનેરી છે. જાણે રેકર્ડ ચાલતી હોય તેમ ધીર ગંભીર એકધારી પ્રગલ્ભ અધ્યાત્મ પીરસતી વાણીનો પ્રવાહ હૃદયોને તરબોળ કરી અનેરી ઠંડક બક્ષે છે.

બ્રાહ્મમુહુર્તમાં એમનું ધ્યાન કરવાથી એકાગ્રતા સુલભ બને છે. અલૌકિક વાતાવરણ સર્જાય છે –એની દિવ્યઅસરની અનુભૂતિ થાય છે. 'અધ્યાત્મ' અને 'પ્રકાશને પંથેમાં' એમની જીવન પદ્ધતિવાંચી સ્વચ્છ સાદાઈ અને સમભાવવાળું જીવન જીવવા પ્રેરણા મળે છે.

એક સેનાપતિ પિતાને એનો પુત્ર છે. થોડા માઇલ પર સેનાના નાયક તરીકે યુદ્ધમાં પ્રવૃત્ત હતો ત્યારે સ્હાય માટે એણે બાપ પર સંદેશો મોકલ્યો કે કુમક મોકલો. એ બાપે કુમક ન મોકલીને વળતો સંદેશો મોકલ્યો કે હું એવો બાપ નથી કે

જ્યારે જરૂર પડે ત્યારે કુમક ન મોકલું. માટે ખામોશ રાખ અને લડ.

આપણા પિતા સમા પૂજ્યશ્રી આવી કુમકની જરૂરીયાત હોય ને ન મોકલે એવું બને નહિ.

એમનું સ્મરણ સ્મૃતિપર કાયમ રાખવું તો મારી દૃષ્ટિએ એ સમીપમાંજ રહે છે. ખભે બેસાડવાનું એ શીખ્યા નથી, પણ સ્વપ્રયત્નને જ એમની સહાય વરે છે.

## માતાજી જ્યોતિર્મયીની ચોથી પુણ્યતિથિ

પરમ પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનાં પૂ. માતાજી જ્યોતિર્મયીની ચોથી પુણ્યતિથિ તા. ૪-૧૦-૮૪ના રોજ આવે છે. તે પ્રસંગે પ.પૂ. માશ્રી સર્વેશ્વરી તરફથી વડોદરા અરૂણોદય સોસાયટીઅલકાપુરીમાં નીચે પ્રમાણેનો વિશિષ્ટ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

| બપોરે | કાર્યક્રમ |
|---|---|
| ૨ થી ૩ | પૂ. માતાજી ફોટાનું પૂજન |
| ૩ થી ૫ | ચંડીપાઠનું સમુહપારાયણ. (ગુજરાતી કાવ્યમાં) |
| ૫ થી ૬ | પ્રાસંગિક વાર્તાલાપ. |
| ૬ થી ૭ | શાસ્ત્રીય ભજનો અને ધુન |

With Best Compliments From....

# Nulife Pharmaceuticals

: Manufacturers of :

ETHICAL PHARMACEUTICALS

: Factory :

Plot No. 63, F/2 Block, M. I. D. C.
Pimpri Industrial Area, PUNE-411 018
TEL. : 83346

112/3, Erandavana Off
Prabhat Road, PUNE-4
TEL. : 56473

410, Parekh Market
Opera House BOMBAY-4
TEL. : 387818

Arcure tablets § Cimetidine tablets § Cortrima ointment Cremalgin ointment § Endruff lotion § Exsora ointment Gamascab cream § Gamascab lotion § Healthasule capsules § Libex capsules § Libex syrup § Libex tablets § Liferon Plus capsules § Lineuron 12 injections Nudoxy capsules § Nufulvin tablets § Nuhist expectorant Nupen capsules § Nupen Forte capsules § Nupen Forte syrup § Nuvita drops § ODbutol tablets § ODbutol 400 tablets § Soliwax ear drops § Triamadorm ointment Vasicon eye drops

ADHYATM Regd.–No. GBV 113

## અધ્યાત્મ, ધર્મ–યુવાનીની હરણફાળ

આધ્યાત્મિકતા વૃદ્ધો માટે નથી, પરંતુ યુવાનો માટે છે. કુરુક્ષેત્રમાં ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્‌ગીતા દ્વારા અધ્યાત્મનો પાંચજન્ય ફૂંક્યો ત્યારે તે વૃદ્ધ ન હતા, યુવાન હતા. તેઓ ભારતની સર્વોત્તમ યુવાનીના રથના સારથિ હતા. પ્રિયતમાની ગોદમાં પુત્ર રાહુલને છોડી સાંસ્કૃતિક ક્રાંતિના પથ પર ચાલી નીકળેલા સિદ્ધાર્થ યુવાન હતા, વૃદ્ધ નહિ. અદ્વૈતના ચિંતક અને શોધક શંકરાચાર્યે જ્યારે દિગ્વિજય યાત્રા શરૂ કરી ત્યારે તેઓ વૃદ્ધ નહિ, યુવાન હતા. અમેરિકામાં શિકાગોની સર્વ-ધર્મ પરિષદના મંચ ઉપરથી વિવેકાનંદે સાર્વભૌમ ધર્મની ઘોષણા કરી ત્યારે તેઓ યુવાન હતા. દક્ષિણ આફ્રિકામાં રંગભેદના દાવાનળમાં અધ્યાત્મના શસ્ત્રનો પ્રયોગ કર્યો ત્યારે ગાંધીજી યુવાન હતા, વૃદ્ધ નહિ. અધ્યાત્મ, ધર્મ, ઘડપણની પ્રવૃત્તિ નથી, યુવાનીની હરણફાળ છે.

—જયપ્રકાશ નારાયણ

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ફોન : ૨૮૧૭૨